# જન્મદિવસની ઉજાણી

## બાળનાટ્ય સંગ્રહ



લેખિકા – નીલમબેન દોશી

પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

20 – 07 – 2012

http://aksharnaad.com

# પ્રાસ્તવિક

નીલમબેન દોશીનું નામ ગુજરાતી વાચકો માટે જરાય અજાણ્યું નથી. સંદેશ, જનસત્તા જેવા વર્તમાનપત્રો, સ્ત્રી જેવા સામયિકમાં નિયમિતપણે તેમની કટાર પ્રગટ થાય છે. જેની અનેક આવૃત્તિઓ થઈ ચૂકી છે તથા અંગ્રેજીમાં જેનું ભાષાંતર પણ થયું છે તેવા સુંદર પુસ્તક 'દીકરી મારી દોસ્ત..'ના તેઓ લેખિકા છે. એ સિવાય પણ નવલિકાસંગ્રહ, બાળનાટકસંગ્રહ તથા નવલકથા તેમણે આપ્યા છે. હુંફાળી અને લાગણી તરબોળ કલમ તથા સંબંધોના અવનવા પાસાઓને અભિવ્યક્ત કરવાની તેમની આગવી પદ્ધતિને લીધે વાચકોની પ્રસંશા અને સ્નેહ તેમને ભારોભાર મળ્યા છે.

# અનુક્રમણિકા

લોહીનો રંગ........................................................................................5

જન્મદિવસની ઉજવણી.........................................................................26

સોનુ અને મોનુ.. ..................................................................................43

સમજણ ............................................................................................61

દીપથી દીપ જલે.................................................................................84

યુગધર્મ...........................................................................................102

ડોક્ટર સેવકરામ સેવાવાળા...............................................................115

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ........................................................................135

અક્ષરનાદને બાળનાટકોનું આ પુરસ્કૃત સુંદર પુસ્તક નિ:શુલ્ક ડાઉનલોડ માટે ઉપલબ્ધ કરવાની પરવાનગી આપવા બદલ શ્રી નીલમબેન દોશીનો ખૂબ ખૂબ આભાર.

# લોહીનો રંગ...

પાત્રો:

| | |
|---|---|
| તનુશ્રી | ઉંમર દસ વરસની. |
| ખુશ્બુ | તનુશ્રીની બહેન..ઉંમર બાર વરસની. (ઘરમાં બધા તનુ કહે છે.) |
| દાદીમા | પાંસઠ વરસની આસપાસના |
| મીરાબહેન | તનુશ્રી, ખુશ્બુની મમ્મી.. |
| મંથનભાઇ | તનુશ્રી અને ખુશ્બુના પપ્પા. |
| મોંઘી | ઉંમર બારની આસપાસની...ખુશ્બુની બહેનપણી |

સ્થળ: ઉચ્ચ મધ્યમ વર્ગનું ઘર. (પડદો ખૂલે છે ત્યારે દાદીમા મંદિર સામે પૂજા કરતાં દેખાય છે. ઘંટડી વગાડે છે. દીવો પ્રગટી રહ્યો છે. અગરબત્તી જલી રહી છે. )

તનુશ્રી (દોડતી આવે છે. ) હેં દાદીમા, પૂજા પૂરી થઇ કે ?

દાદીમા:		તને તો બસ..દાદીમાની પૂજા પૂરી થવાની જ ઉતાવળ હોય છે. પ્રસાદની ભગત છે તું તો લે, પહેલાં મારા ઠાકોરજીને પગે લાગ પછી પ્રસાદ મળે સમજી?

તનુ:		(ભગવાનને નમન કરે છે. ) દાદીમા, લાવો પ્રસાદ.

ખુશ્બુ:		(અંદરથી આવે છે.) અને તનુ, આજે તો પ્રસાદ પણ તારો ફેવરીટ છે.

તનુ:		એટલે કે મલાઇનો મેસુબ બન્યો છે..આજે ભગવાન માટે. વાહ..! મજા આવી ગઇ. દાદી, જલ્દી....પ્લીઝ..

ખુશ્બુ:		દાદીમા, આ તમારા ઠાકોરજી આમ તો અમને બહું ગમે હોં. બહું સારા. આપણને ભાવતો હોય એ જ પ્રસાદ પાછો ઠાકોરજીને ભાવે. એટલે આપણને જલસા પડી જાય.

તનુ:		એ તો દાદીમાને જે ભાવતું હોય...અને જે ખાવાનું મન થયું હોય ને તે જ ભગવાનને પણ ખાવાનું મન થાય હોં. સાચુંને દાદીમા ? ( હસે છે. )

દાદીમા: ( કૃત્રિમ ગુસ્સાથી ) મારી મશ્કરી કરે છે ?

તનુ: ના, રે, પણ હેં દાદીમા, સાવ સાચું કહો..મારી વાત સાચી છે ને ? કાલે તમારા લાલાને મગજના લાડુ ખાવાનું મન થશે. બરાબરને ? દાદી, લાલાને પણ તમારી જેમ શીરો કયારેય ન ભાવે. ખરુંને ? ( બંને બહેનો ખડખડાટ હસે છે. )

દાદીમા: એ ય, ચિબાવલી થતી જાવ બંને.

ખુશ્બુ: હેં દાદીમા, તમારા લાલાને કયારેય બટેટાવડા, પીઝા, મેગી, બર્ગર , પાઉંભાજી... એવું બધું ખાવાનું મન ન થાય કયારેય ?

દાદીમા: એય છોડીઓ.. હવે બસ હોં. બહુ થયું.. હું બોલતી નથી એટલે બે ય જણીઓ માથે ચડી છે.

તનુ: હેં દાદીમા, અમે તમારા માથા ઉપર કયાં ચડયા છીએ ?

મમ્મી: (અંદરથી આવે છે.) શું હેરાન કરો છો બંને દાદીમાને ? ..જાવ સ્કૂલનો સમય થઇ ગયો છે. મોડું થશે.

બંને:		બાય..દાદીમા..બાય મમ્મી...

દાદીમા:		એ બાય ને હાય વાળી....જે શ્રીકૃષ્ણ કહે જે શ્રીકૃષ્ણ... ( મમ્મીને ) મીરા, આ બંને છોકરીઓ હમણાં બહું બગડી ગઇ છે હોં.

મમ્મી:		બા, એ તો તમારી માયા છે બંનેને એટલે તમારી સાથે મજાક કર્યા કરે છે.

દાદીમા:		એ તો સાચું..પણ ગમે તેમ તો  યે છોકરીયુંની જાત છે. છોકરો હોત તો જુદી વાત હતી. હે ભગવાન..હે મારા વાલા, એક છોકરો આવ્યો હોત તો ?

પપ્પા:		(બહારથી આવે છે. દાદીમાના છેલ્લા વાકયો સાંભળે છે.) શું બા, તમે યે પાછી તમારી એ જ જૂની રેકોર્ડ ચાલુ કરી ? અમે  તમને કેટલીવાર પ્રેમથી સમજાવ્યું.. કે આ જમાનામાં છોકરો અને છોકરી બંને સરખા જ છે.

દાદીમા:		સરખું શેનું વળી ? છોકરો ઇ છોકરો.

મંથનભાઇ:        બા, બાજુવાળા ચંપાબહેનનો છોકરો જુઓ છો ને ? છે જરાયે શાંતિ? રોજ કેવો  હેરાન કરે છે મા બાપ ને? અને હવે ઓ વૃધ્ધાશ્રમમાં મૂકવા જવાની વાત કરે છે. તને તો બધી ખબર છે જ ને? (દાદીમા કંઇ બોલતા નથી)

મમ્મી:           જવા દો.. બાને ગળે એ વાત ઉતારવી સહેલી નથી. સદીઓના સંસ્કાર એમ કંઇ થોડા છૂટી જવાના છે? એને માટે હજુ સમય લાગશે.

પપ્પા:           સાવ સાચી વાત છે. ક્રાંતિ આવતાં તો પેઢીઓ નીકળી જાય. વિચારધારા બદલાતા સમય તો લાગે જ ને?

દાદીમા:          મીરા, લાવ, મારો દૂધનો લોટો... મારે મંદિરે જવાનું મોડું થાય છે. મહાદેવને દૂધ ચડાવી આવું.

મમ્મી:           (જરા અચકાય છે) બા, વાત એમ છે કે....

દાદીમા:          વાત શું છે? શું થયું? ઠીક... વાતુ પછી.. પહેલાં હું મંદિરે જતી આવું. લાવ દૂધ..

મમ્મી: બા, આજે આપણી કામવાળીનો નાનો દીકરો તેની સાથે આવ્યો હતો.અને ભૂખ્યો થયો હતો.. અને તેને ઠીક નહોતું. તે રડતો હતો.....

દાદીમા: તે એનું શું છે? અત્યારે એની શી લપ માંડી છે?

પપ્પા: એવડો નાનો છોકરો બીજું કંઇ તો ખાઇ શકે નહીં..એટલે પછી એ જુદું રાખેલ દૂધ આજે એ નાના, ભૂખ્યા છોકરાને પીવડાવી દીધું.

દાદીમા: હેં? (ગુસ્સામાં) અરે, મારા મહાદેવજીનું દૂધ એ છોકરાને પીવડાવી દીધું? જરાયે શરમ ન આવી? પાપ લાગશે પાપ...

પપ્પા: કંઇ ખોટું કામ થોડું કર્યું છે તે શરમ આવે? અને પાપ શેનું? ઘરમાં બીજું દૂધ હતું નહીં. આજે ખલાસ થઇ ગયું હતું.. તે એને પીવડાવી દીધું. બા તારા મહાદેવજીને તો તારા જેવા બીજા કેટલાયે ભક્તો પીવડાવે છે.. આજે એક નાના છોકરાને પીવડાવ્યું તો એમાં ખોટું શું કર્યું?

દાદીમા: શું ખોટું કર્યું એટલે? બધું ખોટું જ થયું છે.

મમ્મી: બા. જનસેવા એ જ સાચી પ્રભુસેવા છે ને ? આજે જીવતા લાલા ને પીવડાવ્યું.. એમ માની લો.

પપ્પા: બા, સાવ સાચું કહું તો મારી દ્રષ્ટિએ તો આજે તારું દૂધ સાચા અર્થમાં ઇશ્વરને પહોંચ્યું.

દાદીમા: મને તમારી એ બધી સુધરેલી વાતુમાં કંઇ સમજણ ન પડે. હું તો બસ... એટલું જાણું કે આજે મારા ભગવાનનું દૂધ પેલા છોકરાને પીવડાવીને તેં સારું નથી કર્યું.

પપ્પા: બા, જમાના પ્રમાણે...સમય પ્રમાણે બદલાઇએ તો એમાં ખોટું શું છે ? મારા દાદીમા એટલે કે તારા સાસુ કરતા હતા એ બધું તું કરે છે ? કરી શકે છે ? અને તું જ અમને કહેતી નહોતી કે આ તારા દાદીમા કંઇ સમજે નહીં. અને એના જૂનવાણી રીતરિવાજો ચાલુ રાખે. ભૂલી ગઇ? (હસે છે) અને આજે અમે અમારા છોકરાઓને કહીએ

છીએ કે દાદીમા જૂનવાણી વિચારના છે. બની શકે કાલે અમારા છોકરાઓ તેના પછીની પેઢીને અમારા વિશે એ જ વાત કહે.

મમ્મી: સમય જતાં સંજોગો બદલાય છે, મૂલ્યો બદલાય છે. કાલે જે સાચું હતું..એ આજે પણ સાચું જ છે એમ કેમ કહી શકાય? દેશ કાળની પરિસ્થિતિ મુજબ..તે સમયની જરૂરિયાત મુજબ સ્થાપેલ નીતિ નિયમો સમયની માગ પ્રમાણે બદલાતા જ રહે અને બદલાવા જ જોઇએ ને?

દાદીમા: હા, હા, તું યે બાકી રહી ગઇ હતી..તે બોલી લે. ભાષણ કરી લે. પછી કાલે આ છોકરીયું યે બોલશે.

પપ્પા: બા, એના જમાના પ્રમાણે છોકરીઓ પણ બોલશે. એને કોઇ રોકી શકવાના નથી. પરિવર્તન તો સમયની સાથે આવતું  જ રહ્યું છે.. અને આવતું જ રહેશે. આપણને ગમે કે નહીં.. સ્વીકારીએ  કે નહીં.. સમય મુજબ જાતને બદલીએ કે નહીં..એ બધું વ્યક્તિગત છે. ખેર..! જવા દે. બા, હકીકતે હું તો આજે ભૂખ્યા છોકરાએ દૂધ પીધું...

ને તેની મા જે રીતે ખુશ થઇ..તે જોઇને મને તો એક વિચાર એવો આવ્યો કે કાલથી બાને કહીશ કે આજથી તું મંદિરે દૂધ લઇને જજે. તેમાંથી તારી શ્રધ્ધા માટે બે ટીપાં દૂધનો પ્રતીક તરીકે અભિષેક કરજે. અને બાકી બચેલું દૂધ ઘેર લાવીને પ્રસાદ તરીકે તારી જાતે જ આ ગરીબ બાઇને તેના નાના છોકરા માટે આપી દેજે. આમે ય તે તો આપણું બધું કામ  કેવું સરસ રીતે કરે છે. તેના આશીર્વાદ મળશે... પણ તારે ગળે વાત ઉતરે તો જ... તારે અમારે લીધે કંઇ કરવું પડે.. એ મને ન ગમે.

દાદીમા:    પણ બધા એવું  કરવા માંડે તો તો કોઇ ભગવાનને દૂધ જ ન ચડાવે.

મમ્મી:    તો એનાથી રૂડું બીજું શું? એમાં શું વાંધો આવે? ભગવાનને ઘેર થોડી દૂધની તાણ છે? કે આપણે દૂધ આપીએ તો જ ભગવાન ને મળે? આપણે એને આપવાવાળા કોણ? અને ગરીબને પીવડાવો એ ભગવાનને પહોંચે જ. બા, તમે જ તો કહો છે.. કે મારો લાલો તો ભાવનાનો ભૂખ્યો છે. આ બાળકો ઇશ્વરના જ સંતાન કહેવાયને?

દાદીમા: (વાત થોડી ગળે ઉતરતી હોય તે રીતે) હા, લાગે છે.. તારી વાત તો સાચી છે. મારા વાલાને થોડી કોઇ વાતની ખોટ છે?

પપ્પા: (ઉત્સાહથી) બા, એ જ તો તને સમજાવવાનો પ્રયત્ન હું કરું છું. ઇશ્વર તો સર્વશક્તિમાન છે. એને જે જરૂર હશે તે મેળવી જ શકે છે.. હા, ગરીબ બાળકોને આપણે આપીએ તો જ પહોંચે.

મમ્મી: અને આપણા દ્વારા ભગવાન જ એમને અપાવતો હશે ને? કર્તા હર્તા તો એ છે. નરસિંહ મહેતાનું ભજન તો બા, તમે રોજ ગાવ છો ને ? “હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા.... શકટનો ભાર જયમ શ્વાન તાણે...” ઇશ્વરની ઇચ્છા વિના તણખલું યે ન હલે...એ બધી વાત તો તમે જ કરો છો. શું એ બધું ફકત બોલવા માટે જ?

દાદીમા: (મૂંઝાઇને) મને તો કંઇ ખબર નથી પડતી. આમ તો તમારી વાત સાચી લાગે છે. પણ....

પપ્પા: પણ વરસોની જે આદત હોય તે છૂટતા.. નવા વિચારને અપનાવતા વાર તો લાગે જ ને? બા, એમાં તારો જરાયે વાંક નથી. તને જે યોગ્ય લાગે એ જ કરજે. અમે તો ખાલી અમને જે લાગે છે એ વાત કરી. બાકી માનું દિલ દુભાવીને અમારે કંઇ સુધારા કરવાની જરૂર નથી.

દાદીમા: હું મારી રીતે બે દિવસ વિચાર કરીશ. મારો વાલો જ મને સાચો રસ્તો બતાવશે. પણ મને લાગે જ છે કે તમારી વાત તો સાચી છે. વિચારવા જેવી છે.

મમ્મી: બસ.. બા, અમારે માટે તો એટલું યે બસ છે.

(ત્યાં તનુ અને ખુશ્બુ દોડતા આવે છે.)

તનુ: (મોટેથી દાદીમાના કાનમાં બૂમ પાડે છે.) દાદીમા.....

દાદીમા: (એકદમ ચમકીને) અરે.. આવી ગયા તમે? કેમ આજે વહેલા?

ખુશ્બુ: ભૂલી ગયા? આજે શનિવાર.. અડધો દિવસ...!

દાદીમા: હા, હું તો સાવ ભૂલી ગઇ. અને મારે તો આજે મંદિરે જવાનું પણ રહી જ ગયું. વાતોમાં જ વખત વીતી ગયો.

મમ્મી: ચાલો, હું યે હવે રસોડામાં જાઉં.

પપ્પા: હા, મારે પણ ઘણું કામ બાકી છે. (મમ્મી, પપ્પા બંને અંદર જાય છે.)

(તનુ અને ખુશ્બુની સાથે એક છોકરી આવી છે તેની પર અચાનક દાદીમાનું ધ્યાન જાય છે. દાદીમા તેને નીરખી રહે છે.)

દાદીમા: અરે, તનુ, ખુશ્બુ..આ તમારી સાથે કોણ છે?

ખુશ્બુ: અમારી બહેનપણી છે દાદીમા.

દાદીમા: (ધ્યાનથી છોકરીને નીરખે છે.) પહેલાં તો આને જોઇ નથી કયારેય. શું નામ આનું?

તનુ: મોંઘી.

ખુશ્બુ: જરાયે સસ્તી નહીં… એવી મોંઘી… (હસે છે.) અને દાદીમા, તમને ખબર છે. મોંઘી આ વખતે અમારા કલાસમાં પહેલો નંબર આવી હોં.

દાદીમા: (એની કોઇ વાત પર ધ્યાન નથી આપતા.) મોંઘી તમે કઇ જાતના ?

મોંઘી: (થોડું ડરતાં) અમે… અમે મેઘવાર.

દાદીમા: હેં? મેઘવાર? મારા ઘરમાં? (છોકરીઓને આઘે લઇ જાય છે અને ધીમેથી કહે છે.) એય છોડિયું , કંઇ ભાન છે કે નહીં ? આની સાથે રમાય ? આને ઘરમાં ન ઘલાય. આપણે અભડાઇએ. જા, હવે કંઇક બહાનું કાઢી ને આને ના પાડી દો.

તનું: કેમ દાદીમા ?

દાદીમા: અરે, એ નીચા વરણના કે’વાય. એને ન અડાય..પછી સમજાવીશ.

ખુશ્બુ: પણ દાદીમા, અમારા ટીચર તો કહે છે…..

દાદીમા: (ગુસ્સાથી) એક વાર કહ્યું ને…ટીચરને બીજો ધંધો શું છે ? એને તો ખાલી બોલવું છે. બાકી પોતાને ઘેર આવેને તો..પોતે યે ભગાડી મૂકે.

તનુ: પણ દાદીમા..એ અમારી બહેનપણી છે.

દાદીમા: તમે નહીં માનો.. લાવ, હું જ કહી દઉં.... મોંઘી, જો અત્યારે અમારે બહાર જવાનું છે. તું પછી કોક ‘દિ આવજે હોં.

મોંઘી: (દુ:ખી અવાજે) હું સમજી ગઇ દાદીમા, અમારે માટે કંઇ આ નવું નથી. આ તો અમારે રોજનો અનુભવ છે. અમે તો આ બધાથી ટેવાઇ ગયા છીએ. એટલે હવે તો ખરાબ લગાડવાનું યે છોડી દીધું છે. આ તો તનુએ બહું કહ્યું એટલે જ હું આવી. બાકી અમે તો જનમના અભાગિયા.. એમ મારી બા મને રોજ કહે છે. તનુ, ખુશ્બુ, હું જાઉં છું. (દુ:ખી થઇ ચાલી જાય છે. તનુશ્રી, ખુશ્બુ બંને રડે છે.)

બંને સાથે: (રડતાં રડતાં) દાદીમા, અમારી બહેનપણીને ભગાડી દીધી.

દાદીમા: (ગુસ્સેથી અને મોટેથી) તો શું કરું? ગમે તેને ઘરમાં ઘાલતી ફરો છો.! નાત જાતનું કંઇ ભાન છે કે નહીં? ઘરમાં ઠાકોરજીની પૂજા છે અને ગમે તેને ઘલાય? (અવાજ સાંભળી, અંદરથી મમ્મી, પપ્પા આવે છે.)

પપ્પા:		અરે, શું થયું? (બંને દીકરીઓ પપ્પાને વળગીને રડે છે.) અરે, પણ થયું શું? બા, શું થયું આ બંનેને?

દાદીમા:		(હજુ ગુસ્સામાં છે.) એમને જ પૂછ ને. ગમે તેને ઘરમાં ઉપાડી લાવે છે. ન નાત .. ન ભાત.

પપ્પા:		મને તો કંઇ સમજ નથી પડતી. આખરે થયું શું? તનુ, શું થયું? ચાલો, રડયા વિના વાત કરો.

તનુ:		(હીબકા ભરતાં) પપ્પા, દાદીમાએ અમારી બહેનપણીને  ભગાડી મૂકી.... કાઢી મૂકી.

પપ્પા:		દાદીમા, શું કામ ભગાડે? એ તો તમારી બહેનપણીઓને કેવા રોજ હસાવે છે!

ખુશ્બુ:		હા, પણ આજે તો ભગાડી જ દીધી.

પપ્પા:		બા, શું થયું? મને તો કંઇ સમજ નથી પડતી.

દાદીમા: એમાં સમજ શું પાડવાની હતી ? એને ભગાડી જ દે ને.! એ છોકરી કોણ હતી એની ખબર છે?

પપ્પા: કોણ હતી?

દાદીમા: હતી પેલી મેઘવારની છોડી. કાઢી ન મૂકુ તો કરું શું? આ છોકરીઓને તો કંઇ ખબર નથી પડતી.

ખુશ્બુ: પપ્પા. પેલી મોંઘી હતી. તમે તો એને ઓળખો છો ને ? દાદીમા માંદા હતા... અને હોસ્પીટલમાં હતા.. ત્યારે.. (આગળ બોલવા જાય છે ત્યાં પપ્પા ઇશારો કરે છે. એટલે ચૂપ થઇ જાય છે. પણ દાદીમા, ઇશારો જોઇ જાય છે.)

દાદીમા: કેમ શું ઇશારો કર્યો દીકરીને? મને બધી ખબર પડે છે હોં. અને મારી માંદા પડવાની શું વાત હતી? હોસ્પીટલમાં હતી ત્યારની શું વાત કરો છો? નક્કી ત્યારે એને ઘરમાં ઘાલી હશે.. તો જ તું એને ઓળખતો હોય ને?

પપ્પા: અરે, કંઇ નથી બા.. તમે તમારે આરામ કરો.. ચાલો, તનુ, ખુશ્બુ, અંદર જાવ...

દાદીમા: ના, ના, કંઇક વાત જરૂર છે. શું છૂપાવો છો મારાથી ?

પપ્પા: અરે, કંઇ વાત નથી. બા, આ તો એ મોંઘીના પિતા અમારી ઓફિસમાં પટાવાળા છે. એટલે હું એને ઓળખું છું..એટલું જ. માણસ બહું સારો અને સંસ્કારી છે.

દાદીમા: ના, ના, મને લાગે છે વાત કંઇક જુદી જ છે. હું હોસ્પીટલમાં હતી ત્યારે. શું થયું હતું? છોકરીઓ શું કહેતી હતી?

પપ્પા: અરે, કંઇ નહીં. મૂકને લપ બધી. છોકરીઓ તો તને ખબર છે.. જે મનમાં આવે તે બોલ્યા કરે છે.

દાદીમા: તારા કરતાં મેં વધુ દિવાળી જોઇ છે હોં. આ વાળ કંઇ એમ જ ધોળા નથી થયા. તું મારાથી કોઇક વાત છૂપાવે છે એટલું તો મને સમજાઇ ગયું. બાકીનું હું

શોધી કાઢીશ. તને એમ કે બા ને કંઇ ખબર નહીં પડે? તો તું તારી માને હજુ ઓળખતો નથી.

પપ્પા: (ધીમેથી) ઓળખું છું.. એટલે જ તો કહેતો નથી.

દાદીમા: સાચી વાત જાણ્યા સિવાય હું આજે જમવાની નથી.

પપ્પા: શું બા, તમે યે નાના છોકરાની જેમ જીદ લઇને બેસી જાવ છો ?

દાદીમા: જે કહે તે..બાકી સો વાતની એક વાત. તારે મને વાત કરવી તો પડશે જ. અને એ પણ સાચી જ વાત. (અંદરથી મમ્મી, તનુ, ખુશ્બુ બધા આવે છે.)

પપ્પા: ઠીક છે..જેવી તારી ઇચ્છા. પણ ઘણી વાર જાણવા કરતાં ન જાણવામાં જ સાર હોય છે. અજ્ઞાન ઘણીવાર આશીર્વાદ સમાન નીવડે છે. પણ હવે તેં જીદ કરી જ છે તો હું છૂપાવીશ નહીં. છ મહિના પહેલાં તારી તબિયત સારી નહોતી. પેટમાં ગાંઠ હતી અને તારું ઓપરેશન કરવું પડયું હતું.. એ તો તને ખબર છે.

દાદીમા: હા, પણ આજે એનું શું છે? મારા ભગવાને મને બચાવી લીધી.

પપ્પા: હા, કર્તા હર્તા ભગવાન જ છે.. એટલે એ રીતે તું એને જશ આપે એનો અમને વાંધો નથી. પણ  હકીકતે ત્યારે તને તાત્કાલીક લોહી ચડાવવું પડે તેમ હતું. અને અમારું કોઇનું લોહી તારા લોહી સાથે મેચ નહોતું થતું. ત્યારે મારી ઓફિસના એ પટાવાળાએ... એટલે કે મોંઘીના પિતાએ જ તને એનું લોહી તને આપીને તારી જિંદગી બચાવી હતી.

દાદીમા: (આઘાતથી..) શું? એક મેઘવારનું લોહી મને આપ્યું?

પપ્પા: હા બા, ઇશ્વરે તારું ને એનું લોહી કંઇ અલગ નથી બનાવ્યા. અને તેણે જો એ દિવસે તને લોહી ન આપ્યું હોત તો આજે તું..... (ગળગળા થઇ જાય છે.)

મમ્મી: બા, ભેદભાવ તો આપણે.. માનવીએ ઉભા કર્યા છે. ઇશ્વરે તો બધાના લોહીનો રંગ એક જ બનાવ્યો છે. નહીંતર એનું લોહી અને તમારું લોહી જુદા ન હોય? એણે તો તમારી જિંદગી બચાવી છે.

દાદીમા: (ધીમેથી) મને લાગે છે કયાંક હું જ ભૂલ કરું છું. અને ભૂલની ખબર પડે તો યે ન સુધારે કે ન સ્વીકારે એ માણસ થોડો કહેવાય? (મોટેથી) બેટા, મને લાગે છે તારા વાત સાચી છે. મને સમજાય છે. ઇશ્વરે કોઇને ઉંચા કે નીચા નથી બનાવ્યા.

પપ્પા: બા, શાબાશ. ! આજે તને સત્ય સમજાયું.. અમે ખુશ થયા.

દાદીમા: પણ અત્યાર સુધી મને કહ્યું કેમ નહીં?

મમ્મી: કહે કયાંથી? ત્યારે તમે જીદ લઇ ને બેસી જાવ તો? અમને એમ કે તમને દુ:ખ ન થાય માટે કહ્યું નહોતું. નકામો તમારો જીવ દુભાય એવું કંઇ અમારે નહોતું કરવું.

દાદીમા: તનુ, ખુશ્બુ, તારી બહેનપણીને.. મોંઘીને રોજ આપણે ઘેર બોલાવી લાવજે હોં. હું એને તમે ઘણી વાર મને કહો છો ને તેમ હું પણ તેને ‘સોરી‘ કહીશ.

તનુ: અરે, વાહ..દાદીમા.

ખુશ્બુ: દાદીમા, યે સોરી કહેતાં શીખી ગયા. ( બધા હસે છે.)

દાદીમા:		સોરી એકલું  જ નહીં થેન્કયુ  પણ... બેટા.... તમે તો મારી આંખ ઉઘાડી દીધી.

તનુ, ખુશ્બુ:		(ખુશખુશાલ અવાજે ) હીપ હીપ હુર્રે... થ્રી ચીયર્સ ફોર માય ગ્રાન્ડમા.. પ્લીઝ...( પ્રેક્ષકો સામે જોઇને..) આપ સૌ પણ અમારા દાદીમાને ચીયર્સ નહીં કરો? દાદીમા ધ..ગ્રેટ...હીપ ..હીપ....હુર્રે......!

(પડદો પડે છે.)

# જન્મદિવસની ઉજવણી...

પાત્રો:

મમ્મી ( સ્મિતાબેન..પલાશની મમ્મી )

પપ્પા ( અનિલભાઇ..પલાશના પપ્પા )

પુત્ર (શુભમ ..લગભગ 12 વરસનો)

પલાશ ( મિત્ર બધા મિત્રો લગભગ એ જ ઉંમરના)

પલક ( પલાશની બહેન 14 વરસની ઉમર)

મિત્રો ( 5 થી 7 મિત્રો..ગમે તેટલી સંખ્યા ...અનુકૂળતા મુજબ રાખી શકાય. )

બાળકો (ગરીબ, સ્ટેશન પર રખડતા હોય તેવા .... 8 થી 10 વરસના)

સ્થળ: શ્રીમંત વર્ગનો હોય તેવો ડ્રોઇંગરૂમ...વચ્ચે ટેબલ પર કેક છે. જન્મદિવસ જેવું ડેકોરેશન કરેલ છે. એક પછી એક મિત્રો હાથમાં ભેટ લઇને આવે છે. ધમાલિયું સંગીત વાગે છે.

પહેલો મિત્ર: અરે, શુભમ, કેટલી વાર ? હવે તો બધા આવી ગયા લાગે છે. કોની રાહ જુએ છે ? કેક નથી કાપવાની ?

શુભમ: પ્લીઝ... પલાશ આવતો જ હશે.

બીજો મિત્ર: કોણ ? પેલો વેદિયો ? એની રાહ જોવાની હોય ?

શુભમ: હા, મિત્ર છે તો રાહ તો જોવી જ જોઇએ ને ?

મિત્ર: ઓહો ! શુભમ, તું યે ખરો છે ! એના જેવાની શું રાહ જોવાની ? એને આવી બધી પાર્ટીઓમાં શું ગતાગમ પડે ? ( ત્યાં પલાશ આવે છે. હાથમાં ભેટ આપવા માટેનું પુસ્તક છે.)

મિત્ર:		લો, આવી ગયા...(ધીમેથી) વેદિયાકુમાર !

શુભમ:		અરે, પલાશ, આવ ..આવ..તારી જ રાહ જોતા હતા.

પલાશ:		(પુસ્તક આપે છે અને ભેટે છે.) જન્મદિવસ મુબારક.

શુભમ:		થેંક્યુ, પલાશ.

મિત્રો:		અરે, હવે કોઇની રાહ જોવાની બાકી છે કે ?

શુભમ:		ના, ના, ચાલો, આપણે કેક કાપીએ. પલાશ, ચાલ.(પલાશને મળતું વધારે માન મિત્રોને ગમતું નથી. બધા એક્બીજા સામે જોઇને કટાક્ષમાં હસે છે...ચાળા પાડે છે અને અંદરઅંદર ગુસપુસ કરે છે. આવી પાર્ટી આ વેદિયાએ ક્યાંથી જોઇ હોય ?

શુભમ:		અરે, અત્યાર સુધી ઉતાવળ કરતા હતા ...ને હવે શું છે ?

(બધા સાથે ઉભે છે. શુભમ કેક કાપે છે. મીણબત્તી ઓલવે છે, બધા તાળી પાડે છે. ”happay birthday to you” નું ગીત ગવાય છે. શુભમ બધાને વારાફરતી કેક ખવડાવે છે... ધમાલ મસ્તી કરે છે. મોટેથી ટેપ વાગે છે.. બધા ગમેતેમ નાચે છે. ટેબલ ઉપર

નાસ્તા ની ડીશો.... વિ.... બધું જ છે. બધા નાસ્તો કરે છે. નોકર થમ્સ અપની બોટલ લાવે છે. બધા પીવે છે. ત્યાં શુભમનું ધ્યાન જાય છે. પલાશ નાસ્તો કરે છે પણ થમ્સ અપની ના પાડે છે.)

શુભમ: કેમ પલાશ, થમ્સ અપ ન લીધી ?

પલાશ: ના, હું નાસ્તો લઉં છું ને !

શુભમ: અરે, પણ.......

મિત્ર: (કટાક્ષથી) આ થમ્સ અપ છે. કંઇ દારુ નથી !

પલાશ: હા, મને ખબર છે...પણ મારે નથી પીવી.

મિત્ર: એટીકેટ કે મેનર્સનું કંઇ ભાન હોય તો પીવે ને ?

મિત્ર 2: વેદિયો અમથો કહ્યો છે ?

મિત્ર3: ઘર માં તો કોઇ દિ'નહીં મળે...અરે , મૂરખ, અહીં મફત મળે છે તો પી લે ને !

શુભમ:		શું તમે બધા એની પાછળ પડયા છો ? એને નહીં ભાવતી હોય તો ન પીવે. એમાં શું?

પલાશ:		દોસ્ત, ભાવવા-ન ભાવવાની વાત નથી.. તારા જેવા મિત્રની દોસ્તી માટે.. થમ્સ અપ તો શું ... ન ભાવતી કોઇ પણ વસ્તુ ખાઇ કે પી શકું.

શુભમ:		તો પછી ?

પલાશ:		વાત એમ છે કે.......

મિત્ર:		એ.......થયું પાછું લેક્ચર ચાલુ....( બગાસા ખાય છે ..) આ શુભમ પણ જોને લપ મૂકતો નથી.

શુભમ:		(મિત્રોનું સાંભળતો ન હોય તેમ..) હા, તો પલાશ, શું વાત છે ?

પલાશ:		(જરા અચકાતા) ખાસ કંઇ નહી...આ તો મેં એક વરસ સુધી કોલ્ડ્રીંક ન પીવા એવો નિયમ લીધો છે

શુભમ:		નિયમ ? કેમ ?

પલાશ:		હા. મારા ગયા જન્મદિવસે મેં એ નિયમ લીધો હતો. સંકલ્પ કર્યો હતો.

શુભમ:		જન્મદિવસે સંકલ્પ ? એ વળી શું ?

પલાશ:		(અચકાતા અચકાતા ધીમેથી) શુભમ, એ બધી વાત પછી કયારેક કરીશ તને. અત્યારે આપણે તારા જન્મદિવસની ખુશી માણીએ.(વાત બદલતા) અરે, હા,શુભમ, તારા મમ્મી,પપ્પા કયાં ?

શુભમ:		(થોડો ઉદાસ થઇ ને) મમ્મી...પપ્પા..?.ઓહ ! મમ્મી કંઇક પાર્ટીમાં ગઇ છે ને પપ્પા હમેશની જેમ મીટીંગમાં બીઝી છે.

પલાશ:		પણ આજે તો તારો જન્મદિવસ છે ને ?

શુભમ:		(ઉદાસ થઇને ધીમેથી ) તેથી તેમને શું ફરક પડે છે ?

મિત્રો:		અને આવી સરસ પાર્ટીની તૈયારી તો કરી દીધી.. બધી સગવડ કરી દીધી... પછી શું ?

શુભમ:		હા, પછી શું ? ( ઉદાસ બનીને )

(પલાશ તેની ઉદાસી સમજે છે. તેનો હાથ પકડી તેને મૌન આશ્વાસન આપે છે.)

મિત્રો: અરે, પલાશ, તારો જન્મદિવસ કયારે છે ? તું તો કયારેય અમને કોઇને બોલાવતો જ નથી.

પલાશ: પણ... અમે આમ પાર્ટી કરતા જ નથી..તો કેમ બોલાવું ?

શુભમ: હા, પલાશ, આવું ન ચાલે હોં ! તારે અમને બોલાવવા તો જોઇએ. તમે જેમ કરતા હો તેમ. તું કહે પણ નહીં એ ન ચાલે.

મિત્ર: અરે, બધાને બોલાવવા ન પોષાય બિચારાને.

મિત્ર:2: એટલા પૈસા કયાંથી કાઢે ? એના પપ્પા થોડા બીઝનેસમેન છે ? એ તો સ્ટેશન માસ્ટર છે .. સ્ટેશન માસ્ટર.!

મિત્ર:3: અરે, બધાને ન બોલાવે તો યે શુભમ તો એનો ખાસ મિત્ર ! એને પણ કયાં બોલાવે છે ?

શુભમ: પલાશ, શું તું તારો જન્મદિવસ ઉજવતો જ નથી ?

પલાશ:		સાવ, એવું તો નહીં પણ આ રીતે તો નહીં જ.

શુભમ:		જન્મદિવસ વળી બીજી કઇ રીતે ઉજવાય ?

મિત્રો:		હા, હા, અમે તો બીજી કોઇ રીતે ઉજવાતો જોયો નથી કે સાંભળ્યો નથી. મિત્રોને બોલાવવા. કેક કાપવી, રમવું. ખાવું-પીવું, મોજ મસ્તી કરવી ...એના સિવાય બીજું શું હોય ?

શુભમ:		પલાશ, તું કેમ કંઇ બોલતો નથી ?

પલાશ:		શું બોલુ ? બોલીને હાંસીપાત્ર જ થવાનું છે એ મને ખબર છે. અમારા ઘરના રિતરિવાજો... વિચારો જુદા છે...(ઉદાસીથી) આમેય હું રહ્યો વેદિયો !

શુભમ:		ના, ના, પલાશ, ખોટું ન લગાડ. એ તો બધા મસ્તી કરે ...તું તો મારો ખાસ મિત્ર છે.

પલાશ:		હા, તારા પૂરતી આ વાત સાચી છે.

મિત્રો:		એટલે અમે બધા શું મિત્રો નથી ?

શુભમ: પલાશનું કહેવું એમ નથી...પણ તમે બધા આખો દિવસ એની ઉડાડતા હો તો એને ક્યારેક ખોટું ન લાગે ?

મિત્રો: એ તો અમે ખાલી મસ્તી કરીએ છીએ. બાકી પલાશ, સો વાતની એક વાત... આવતા રવિવારે તારો જન્મદિવસ છે . એની અમને ખબર છે. અને આ વખતે તારે અમને બધાને બોલાવવા જ પડશે. કોઇ બહાના નહીં ચાલે.

શુભમ: ને હું તો વગર બોલાવ્યે પણ આવીશ જ.

મિત્રો: અને જ્યાં શુભમ હોય ત્યાં અમે તો આવવાના જ. હા, ભેટમાં પુસ્તક જ લઇને આવશું બસ? (હસે છે)

પલાશ: તમે લોકો ભલે હસો , પણ પુસ્તક જેવી ઉત્તમ ભેટ બીજી કોઇ નથી જ... એટલું તો હું જરૂર કહીશ જ.

મિત્રો: સારું સારું...હવે નો લેક્ચર હોં. તું તારે વાંચ્યા કર પુસ્તકો.

શુભમ: આવતા રવિવારે આવીએને ?

મિત્રો: અરે, સામેથી નિમંત્રણ માગીએ છીએ.

પલાશ: ઓકે.. સાંજે જરૂર આવજો.

મિત્રો: થેંકયુ. અંતે તું માન્યો ખરો.

પલાશ: પણ તમને મજા નહીં આવે. પછી કહેતા નહીં.

શુભમ: એવી બધી ચિંતા ન કર. તારો બર્થડે હોય તો મજા આવે જ.

(ધીમે ધીમે બધા જાય છે. ઓકે .. બાય.. સી યુ... થેંકસ મજા આવી..... વિગેરે ચાલુ છે.)

દ્રશ્ય: 2

( મધ્યમવર્ગ નો ડ્રોઇંગરૂમ...પલાશ, તેના મમ્મી, પપ્પા, બહેન બધા સાથે મળી થોડું ડેકોરેશન કરતા દેખાય છે. ખૂબ ઉત્સાહમાં છે બધા.)

મમ્મી: પલક, અંદર બધું કામ પૂરૂ થઇ ગયું છે ને ?

પલક:		મમ્મી, તું ચિંતા ન કર. મને ખબર છે.. આજે ભાઇના મિત્રો પણ આવવાના છે. અરે, કેક પણ રેડી છે.

પપ્પા:		હા, જો કે તેમના જેવી મજા આપણે નહીં કરાવી શકીએ.પણ....

મમ્મી:		પણ આપણે જે કંઇ કરીએ છીએ તેનું મને ગૌરવ છે.

પલાશ:		મને ય....

પલક:		મને પણ....

પપ્પા:		ને મને તમારા જેવા બાળકોનું ગૌરવ છે. ચાલો, તમે લોકો તૈયારી કરો ત્યાં હું આવું છું.બરાબર ને? (પપ્પા જાય છે. ત્યાં બધા મિત્રો આવે છે. ભેટ તરીકે બધાના હાથ માં પુસ્તક છે.)

શુભમ:		હેપી બર્થ ડે ...પલાશ, ( બુક આપે છે.)

પલાશ:		ઓહ ! થેંકયુ..

મિત્રો:		(ભેટ આપે છે) પલાશ, આ તારી બેસ્ટ ગીફ્ટ બરાબર ને ?

પલાશ: ઓહ ! સ્યોર ...થેંકસ.

મિત્રો: અરે કેક કયાં ?

પલક: HERE IT IS ( કેક લાવે છે.)

પલાશ: આ કેક મારી બહેને જાતે બનાવી છે.

શુભમ: ઓહ ! સો નાઇસ !

મિત્રો: તો ચાલો, કેક નથી કાપવાની ?

પલાશ: એક મિનિટ ....

શુભમ: કોની રાહ જોવાની છે ?

પલાશ: મારા પપ્પાની. અને............

શુભમ: અને ?

પલાશ: હમણાં સમજાઇ જશે બધું...પ્લીઝ....પપ્પા આવતા જ હશે.

(પપ્પા આવે છે. સાથે 7-8 મેલાઘેલા છોકરાઓ છે. 5 થી 10 વરસની ઉમરના. રેલ્વે સ્ટેશન પર ભીખ માગતા કે મજૂરી કરતા છોકરાઓ... મિત્રો, શુભમ બધા ડઘાઇને જોઇ રહે છે. છોકરાઓ... કોઇ ડરતા, કોઇ આસપાસ બધું જોતા જોતા આવે છે.)

મમ્મી: (ઉમળકાથી) આવો આવો બાળકો, આજે આ તમારા મિત્ર પલાશ નો જન્મદિવસ છે. આપણે બધા સાથે કેક ખાઇશું ને?

શુભમ: આ બધું શું છે ?

પલાશ: વાત એમ છે કે અમારા બધાના જન્મદિવસે અમે વરસોથી સ્ટેશન પર ના આ નાના છોકરાઓને અહીં ઘેર બોલાવીએ છીએ.... તેમને જમાડીએ છીએ... ને નાનકડી ભેટ પણ આપીએ છીએ.

શુભમ: વાહ ! સરસ !

મિત્રો: પણ કેમ ?

પલક: આ ગરીબ બાળકો પાસે આપણી જેમ ઘર નથી. જન્મદિવસ શું એ ખબર નથી, તેથી આ બહાને અમે એમને અહીં બોલાવી, જમાડીએ છીએ. અને એમાં અમને જ સાચો આનંદ મળે છે.

મમ્મી: હા, અમે આડા-અવળા ખર્ચા ન કરતા આ રીતે જન્મદિવસ ઉજવીએ છીએ.

પપ્પા: કમ સે કમ એક દિવસ એમને થોડો આનંદ આપવાનો અમારી રીતે પ્રયત્ન કરીએ છીએ જેનાથી કમનશીબે ઇશ્વરે તેમને વંચિત રાખ્યા છે.

મમ્મી: (બધાને) બેટા, તમે બધા તો નશીબદાર છો. ઇશ્વરે તમને ઘણું આપ્યું છે. પણ.... આ બાળકો.. (ગળગળા અવાજે) આ બાળકો ય આપણા દેશના જ નાગરિકો છે. અમે વધું તો કંઇ નથી કરી શકતા.... જે કંઇ થોડું કરી શકીએ કે થોડી ખુશી આપી શકીએ તેમ છીએ તે તો આપીએ.

પપ્પા: અને એમાં એમને જે ખુશી મળે છે તેના કરતા વધારે ખુશી, વધારે આનંદ અમને મળે છે.

પલક: લેવામાં ફક્ત આનંદ હશે પણ આપવામાં તો આનંદ અને સંતોષ બંને મળે છે. અને એ તો અનુભવે જ સમજાય.

(શુભમ અને મિત્રો બધા સાંભળી રહે છે. વાત મગજમાં ઉતરતી હોય તેમ માથું હલાવે છે.)

મમ્મી: ચાલો. ઝાઝી વાતે ગાડા ભરાય. પલાશ બેટા, ચાલ, કેક કાપ.

(પલાસ કેક કાપે છે. બધાની સાથે સ્ટેશન પરના બાળકો પણ તાળી પાડે છે. તેમના ચહેરા પર ખુશી ચમકે છે. હેપી બર્થ ડેનું ગીત ગવાય છે. પલાશ. તેની બહેન. મમ્મી. બધા ને બેસાડી પ્રેમથી નાસ્તો કરાવે છે. સ્ટેશન પરનો એક છોકરો ગીત ગાય છે. બધા સાંભળીને ખુશ થાય છે.)

શુભમ: અરે,વાહ ! મજા આવી ગઇ . આવી મજા તો કોઇની પાર્ટીમાં નથી આવી.

મિત્રો: સાચી વાત છે. સાચી મજા કોને કહેવાય એ આજે ખબર પડી. (તેઓ પણ આગ્રહ કરીને બધા છોકરાઓને ખવડાવે છે, ને બધા સાથે રમે છે, આનંદ કરે છે. પલાશ બધાને ચોકલેટ - બિસ્કીટના પેકેટ આપે છે..પછી તેઓ જાય છે.)

મિત્રો: પલાશ.સોરી.... આજ સુધી અમે તને વેદિયો ને એવું બધું કહેતા હતા. પણ આજે અમને યે તારા જેવા મિત્ર નું ગૌરવ છે.

શુભમ: અને હવેથી અમે પણ અમારો જન્મદિવસ આવી જ કંઇક જુદી રીતે ઉજ્વીશું.

મિત્રો: ને સાચો આનંદ માણીશું.

પલાશ: દીદી. આજે તારે એક ગીત ગાવું પડશે હોં. શુભમ., તમને બધા ને ખબર છે ? મારી બહેન ખૂબ સરસ ગાય છે.

બધા: તો તો આજે સંભળાવવું જ જોઇએને ?

(પલક ગીત ગાય છે.)

“બચ્ચે મનકે સચ્ચે, સારે જગકી આંખ કે તારે, યે વો નન્હે ફૂલ હૈ. જો ભગવાન કો લગતે પ્યારેં...”

( ગીતની છેલ્લી લાઇન બધા સાથે ગાય છે.અને પડદો પડે છે. )

# સોનુ અને મોનુ..

પાત્રો:

નિકેતભાઇ: સોનુ, પીનુના પપ્પા

રાધિકાબહેન: સોનુ,પીનુની મમ્મી..

સોનુ: રાધિકાબહેનનો પુત્ર લગભગ દસ વરસનો

પીનુ: સોનુની બહેન લગભગ આઠ વરસની.

મોનુ: સોનુનો મિત્ર તેની જ ઉમરનો.

સ્થળ: સોનુનું ઘર. મધ્યમ વર્ગનું હોય તેવું રાચરચીલું છે. પણ તેની ગોઠવણીમાં એક સુઘડતા દેખાય છે.

( પડદો ખૂલે છે ત્યારે સોનુ અને પીનુ, ભાઇ બહેન સ્કૂલેથી આવે છે. થોડાં થાકેલાં અને

ગુસ્સામાં હોય તેવું લાગે છે. આવી ને દફતર પછાડીને મૂકે છે ત્યાં અંદરથી તેની મમ્મી આવે છે.)

મમ્મી: આવી ગયા મારા દીકરાઓ ?

સોનુ: તે સમય થાય એટલે આવી જ જઇએ ને ? એમાં શું નવું છે ?

મમ્મી: કેમ શું થયું , બેટા ? આજે આમ કેમ બોલે છે ?

સોનુ: બસ..એમ જ. મમ્મી: અરે, આજે તો તમારો પ્રિય નાસ્તો તૈયાર રાખ્યો છે. ચાલો,

સોનુ: ( એમ જ રોષથી ) મારે કંઇ નથી ખાવું. ભૂખ નથી..

મમ્મી: સ્કૂલમાં કંઇ થયું છે ? કોઇ સાથે ઝગડો થયો ? કોઇ ખીજાયું ?મારો દીકરો તો કેવો હોંશિયાર છે. એને વળી કોણ ખીજાય ?

સોનુ: હોંશિયાર તો ઠીક..બધાને નોટ જોતી હોય કે કંઇ શીખવું હોય ત્યારે સોનુ સોનુ કરે અને.. (અટકી જાય છે.)

મમ્મી: અને..? અને શું બેટા ?

સોનુ: (થોડો શાંત થાય છે. ) કંઇ નહીં.. જવા દે ને મમ્મી...

મમ્મી: બેટા, મનમાં જે હોય તે મમ્મી ને તો કહેવાનું ને ?શું થયું ?

સોનુ: થાય તો શું ? પણ પેલા મોનુને કંઇ આવડે નહીં તો પણ બધા તેની ચમચાગીરી કરવામાંથી જ ઉંચા ન આવે. જોયો ન હોય તો મોટો પૈસાવાળો. !

પીનુ: હા, મમ્મી, એ ગાડીમાં સ્કૂલે આવે ને એટલે એવો તો રોફ મારે બધા પર. અને બધાને ચોકલેટ ને બધું ખવડાવતો ફરે એટલે બધા તેની આગળ પાછળ ફર્યા કરે. (રોષથી ) અને પછી શીખવું હોય ત્યારે બધા મારા ભાઇ પાસે આવે.

મમ્મી: વાહ ! ભાઇની ચમચી બોલી.

મમ્મી: જવા દે ને બેટા, એને બોલવા દેવાનું જે બોલવું હોય તે..આપણે ધ્યાન જ નહીં આપવાનું. મારો સોનુ તો ટયુશન વિના પણ પહેલો નંબર આવે જ છે ને ?

પીનુ: મમ્મી, હું યે પહેલો નંબર લાવું છું હોં.!

મમ્મી: હા, ભાઇ હા, મારી ટેણકી ભૂલાઇ જાય એ કેમ ચાલે ?

પીનુ: અમને ન આવડે તો તું કે પપ્પા કેવું સરસ શીખડાવો છો ! એટલે અમને તો આવડે જ ને? મમ્મી, સ્કૂલમાં બધા ટીચર..મારા અને ભાઇના કેટલા કરે છે ખબર છે?

મમ્મી: એમ ! વાહ ! હવે હું યે તમારી જેમ કહુંને કે દીકરા કોના ? તમે મને કહો છો ને કે મમ્મી કોની ? એની જેમ જ. બરાબરને ? (હસે છે. ત્યાં પીનુ દોડીને મમ્મીને ભેટી પડે છે)

પીનુ: દીકરા..પપ્પાના...( હસે છે.)

મમ્મી: વાહ ! ભેટે છે મમ્મી ને અને દીકરી પપ્પાની.!

સોનુ: (હસી ને) દીકરી નહીં ચમચી પપ્પાની.

પીનુ: એ તો પપ્પા અત્યારે હાજર નથી ને એટલે એને બદલે તને વહાલ કરી લીધું. (ખડખડા હસી પડે છે.)

સોનુ: હા, અને પપ્પા આવે એટલે પાટલી બદલાઇ જાય.મમ્મી, આ પાટલીબદલુ છે હોં. ! પપ્પાની ચમચી છે.

પીનુ: અને તું મમ્મીનો ચમચો.!

સોનુ: તું ચમચી. (બંને એક બીજાની મસ્તી કરે છે. એક બીજાને પકડવા દોડાદોડી કરે છે. મમ્મી આનંદથી ભાઇ બહેનની મસ્તી જોઇ રહે છે. )

મમ્મી: બસ..બસ..લો , આ તમારો ગરમાગરમ નાસ્તો....

પપ્પા: (અચાનક પાછળથી આવે છે.) અને આ તમારી સ્ટોરીબુક. (પીનુ દોડીને પપ્પાને વળગે છે.)

પીનુ: ઓહ..! પપ્પા આવી ગયા ?

પપ્પા: આવી યે ગયો અને તમારી સ્ટોરીબુક લાવતાં ભૂલ્યો પણ નથી હોં ! જુઓ, આ એક પુસ્તક ખરીદીને લાવ્યો. અને આ બીજી એ ચોપડીઓ લાઇબ્રેરીમાંથી લાવ્યો.

પીનુ:		(એકદમ ખુશ થઇ ને) થેન્કયુ, પપ્પા...અને આજે રાત્રે કેટલી વાર્તા ?

પપ્પા:		તમે કહો તેટલી. ઓકે ? અને આ રવિવારે આખો દિવસ પીકનીક માં જવાનો પ્રોગ્રામ બની ગયો છે હોં.

પીનુ:		પપ્પા, આ રવિવારે ત્યાં આપણે રમીશું ને ત્યારે મમ્મીને હરાવી દેવાની છે હોં.

સોનુ:		મમ્મી સાથે હું હોઉં પછી મમ્મી હારે કયાંથી ? આ વખતે હારશે પપ્પા..

પીનુ:		પપ્પા કયારેય ન હારે.

સોનુ:		મમ્મી પણ ન હારે.

પીનુ:		પપ્પા ન હારે...( ફરી ભાઇ બહેનની મસ્તી, ધમાચકડી ચાલુ થાય છે. મમ્મી, પપ્પા આનંદથી જોઇ રહે છે. )

મમ્મી:		કેવા ડાહ્યા છે આપણા છોકરાઓ. !

પપ્પા: હોય જ ને ? તું આખો દિવસ તેમની સાથે જ હોય છે. તું આટલી ભણેલ ગણેલ...અને સામેથી નોકરી મળતી હોવા છતાં બાળકો માટે તેં એ બધું જતું કર્યું. એ મહેનત ફળે તો ખરી જ ને ? એ ભોગ રંગ લાવે જ ને ?

મમ્મી: ભોગ વળી શાનો ? પોતાના સંતાન માટે દરેક મા કરતી જ હોય છે ને? એમનો વિકાસ, એમનો આનંદ જોઇને મને જે ખુશી મળે છે એની તોલે બીજું કંઇ ન આવે. થોડા પૈસા ઓછા મળે એટલું જ ને ? પણ જે ગુમાવીએ છીએ તેના કરતાં જે મેળવીએ છીએ તેનું પલ્લુ ભારે છે. અને આપણી જરૂરિયાત જેટલું તો તમે કમાવ જ છો. પછી શું ? ગાડીને બદલે સ્કૂટર પર જઇએ છીએ એટલું જ ને ? પણ બાળકો સાથે આખો દિવસ રહી તો શકાય છે. એ શું ઓછું છે ?

પપ્પા: છતાં યે આ જમાનામાં પૈસા કે કેરીયરનો મોહ જતો કરવો એ કંઇ જેવી તેવી બાબત નથી. કેટલા મા બાપ એ કરી શકે છે ? ( ત્યાં સોનુ, પીનુ દોડીને

મમ્મી, પપ્પાનો હાથ પકડી તેમને પણ પોતાની સાથે ફેરવે છે. ચારેયની મસ્તીથી ઘર ગૂંજી રહે છે.)

**દ્રશ્ય: 2**

સ્થળ: એ જ ઘર. સોનુ, પીનુ શાંતિથી વાંચે છે. તેની મમ્મી પણ સાથે બેઠી છે.

સોનુ: તારી કવિતા પાકી થઇ ગઇ ? તો લાવ, હું મોઢે લઇ લઉં.

યસ, મમ્મી, લે...( પોતાની ચોપડી મમ્મીને આપે છે. અને પોતે કવિતા બોલે છે.) ત્યાં સોનુનો મિત્ર મોનુ આવે છે. તેને જોઇને સોનુ ઉભો થાય છે.

સોનુ: અરે, મોનુ, તું મારે ઘેર ?

મોનુ: હા, એકલો એકલો કંટાળી ગયો હતો.. તેથી તારે ઘેર આવવાનું મન થયું. તને કંઇ વાંધો તો નથી ને ?

સોનુ: મને શું વાંધો હોય ? આવ...આવ... પણ એકલો કેમ હતો ? તારા મમ્મી, પપ્પા આજે બહાર ગયા છે ?

મોનુ: આજે ? (કટાક્ષથી) તેઓ રોજ બહાર જ હોય છે.

મમ્મી: (મમ્મીના હાથમાં સોનુની ચોપડી છે.) આવ, મોનુ બેટા, કેમ છો ?

મોનુ: નમસ્તે આન્ટી. આ શું તમારા હાથમાં ચોપડી? (હસી ને) શું તમે ફરીથી ભણવાનું શરૂ કર્યું છે?

મમ્મી: ના, બેટા, ભણવા નહીં..પણ ભણાવવા જરૂર બેઠી છું. આ સોનુની કવિતા મોઢે લેતી હતી. કાલે તમારી પરીક્ષા છે ને ?

મોનુ: હા, પરીક્ષા તો છે.

મમ્મી: તારે વંચાઇ ગયું બધું ? આવડી ગયું ?

મોનુ: હું થોડો સોનુ જેટલો હોંશિયાર છું ?

મમ્મી: એવી સરખામણી શું કામ કરે છે બેટા,? ઇશ્વરે બધાને જુદી જુદી શક્તિ આપેલી હોય છે.

મોનુ: (થોડા ગુસ્સા અને આવેશમાં ) આન્ટી, હું તો આમે ય સાવ નકામો અને ઠોઠ છું. મને કંઇ આવડતું નથી. હું તો બહું ખરાબ છોકરો છું.!

મમ્મી: અરે, અરે, કોણે કહ્યું કે તું ખરાબ છોકરો છે ? નકામો છે ? મને તો તું બહું સારો છોકરો લાગે છે.

મોનુ: કોણે એટલે ? સારો છોકરો... એવું તો તમે કહો છો..બાકી મને તો મારા મમ્મી પપ્પા અને બધા જ ખરાબ કહે છે..નકામો કહે છે. (રડવા જેવો થઇ જાય છે.)

મમ્મી: (સમજાવટથી) ના, બેટા, તારી ભૂલ થતી લાગે છે. મમ્મી, પપ્પાને કંઇ પોતાનો દીકરો નકામો ન જ લાગે

મોનુ: ખબર નહીં..પણ મારા મમ્મી, પપ્પાને તો હું નકામો જ લાગું છું.

મમ્મી: ના, બેટા, એવું નહીં બોલવાનું.. આવ, ચાલ, તું યે અહીં સોનુ સાથે બેસ. હું તમારા બધા માટે સરસ મજાનો નાસ્તો લઇ આવું. (અંદર જાય છે.)

મોનુ: સોરી, દોસ્ત, તને મારું કંઇ ખરાબ લાગ્યું છે ? કાલે તેં મારી સાથે સરખી વાત પણ ન કરી.

સોનુ: (જરા અચકાઇને ) ના, ના, એવું ખાસ કંઇ નથી.

મોનુ: તને એવું લાગે છે ને કે હું ગાડીમાં આવું છું એટલે બધા પર રોફ મારું છું.?

સોનુ: ના, ના, જવા દે...એવું તો ચાલ્યા કરે. હું કંઇ એવું બધું યાદ નથી રાખતો.

મોનુ: પણ સોનુ, સાવ સાચી વાત કહું આજે ? ખરેખર તો હું રોફ નથી મારતો... પણ હું તો તારી ઇર્ષ્યા કરું છું.

સોનુ: (આશ્ચર્યથી) ઇર્ષ્યા? મારી? મારી પાસે વળી ઇર્ષ્યા કરવા જેવું છે શું?

મોનુ: ઘણું બધું...જે મારી પાસે નથી.

સોનુ: મશ્કરી ન કર. મારી પાસે તારી જેમ ગાડી કે ડ્રાઇવર થોડા છે ?

મોનુ: પણ તને પ્રેમથી સ્કૂટર પર સ્કૂલે મૂકવા આવે એવી પપ્પા તો છે ને !

સોનુ: એટલે? મને કંઇ સમજાયું નહીં. પપ્પા તો તારે પણ છે જ ને?

મોનુ: હા, પપ્પા તો મારે પણ છે. પણ તેં કયારેય મારા પપ્પાને કે મમ્મીને સ્કૂલે જોયા છે?

સોનુ: ના, જોયા તો નથી.

મોનુ: બસ... અમારે તો આખો દિવસ ડ્રાઇવર અને નોકરને આધારે જ રહેવાનું. મમ્મી, પપ્પા પાસે કયારેય અમારે માટે સમય જ ન હોય. હું સ્કૂલે મૂકવા આવવાનું તેમને કયારેય કહી પણ ન શકું. ( રડવા જેવો થઇ જાય છે. ત્યાં મમ્મી આવે છે. તેના હાથમાં નાસ્તાની પ્લેટ છે.)

મમ્મી:		અરે, બેટા, ચાલો..જુઓ..તમારે માટે આજે ભેળ અને દહીંવડા બનાવ્યા છે.

મોનુ:		હેં આન્ટી, તમે જાતે બનાવ્યા ?

મમ્મી:		હા, બેટા, ચાખ..તને યે ભાવશે. (મોનુના હાથમાં પ્લેટ આપે છે. )

મોનુ:		થેન્કયુ આંટી, (ખુશ થઇને ખાય છે.)

મમ્મી:		એમાં થેન્કયુ શું બેટા, મારે તો જેવો સોનુ એવો તું....

મોનુ:		આન્ટી, હું રોજ લેશન કરવા અહીં આવું ? સોનુ, હું તારા જેટલો હોંશિયાર તો નથી.. પણ હું ખરાબ છોકરો નથી. આન્ટી હું ખરાબ છોકરો નથી.(રડે છે.)

મમ્મી:		અરે, અરે, બેટા, રડવાનું નહીં. ચાલ, પાણી પી લે. (પાણી આપે છે.) શાંત થા બેટા, તું તો બહું ડાહ્યો છોકરો છે.

મોનુ:		(પાણી પીવે છે.) આન્ટી, મને યે ઘણીવાર એવું મન થાય ને કે મારી મમ્મી મારી પાસે બેસે..મને ભણાવે..વાર્તા કરે..મારી સાથે સૂવે, વાતો કરે કે રમે..કે મારા

પપ્પા મારી સાથે વાતો કરે... પણ મારા મમ્મી, પપ્પા તો હું કંઇ પણ પૂછું તો હમેશાં ગુસ્સો જ કરે અને કહે, ‘ એ બધું ટીચરને પૂછવાનું. આટલા ટયુશન તો રાખી દીધા છે.. પછી અમારું માથુ નહીં ખાવાનું... બસ... મારી મમ્મીને તો હામેશા તેની કંઇક કલબમાં જ જવાનું હોય.. અને સમય જ ન હોય.બસ.. ખીજાતા જ હોય.

સોનુ: મોનુ, સોરી, હું તો તને કેટલો અભિમાની સમજતો હતો. !

મોનુ: ના, સોનુ, હું તો હમેશા તારી ઇર્ષ્યા કરતો હતો. એટલે ગુસ્સામાં કયારેક ગમે તેવું વર્તન કરી નાખતો હતો. તું હમેશાં તારા મમ્મી, પપ્પાની વાતો..વખાણ કરતો હોય છે. હું કોની વાતો કરું? કોના વખાણ કરું ? (કટાક્ષથી) ડ્રાઇવરના? નોકરોના?

મમ્મી: બેટા, તું હજુ નાનો છે..એવું બધું નહીં વિચારવાનું., બેટા,

મોનુ:		ભલે નાનો હોઉં..પણ મને બધી સમજણ પડે છે હોં આન્ટી. મારી મમ્મી ને હું ગમતો જ નથી. તમે કેવા સોનુ સાથે રમો છો...વાર્તા કરો છો...બહાર ફરવા જાવ છો. મને પણ બહું મન થાય છે. પણ..... (રડે છે.)

મમ્મી:		રડ નહીં, ચાલ બેટા, આજથી તું યે આન્ટીનો દીકરો બસ? ચાલ તારે રોજ અહીં આવી જવાનું. સોનુ સાથે ભણવાનું, રમવાનું. તું તો બહું સરસ છોકરો છે ને?

મોનુ:		(ખુશ થઇ ને ) સાચ્ચે જ આન્ટી ?

મમ્મી:		હાસ્તો...હું કયારેય ખોટું નથી બોલતી. કેમ સોનુ ?

સોનુ:		હા, મોનુ, તું રોજ મારે ઘેર આવજે. હું તને પણ બધું શીખડાવી દઇશ. પછી આપણે બંને રોજ સાથે રમીશું.

પીનુ:		(ગુસ્સા અને લાડથી) એ ય, આપણે બંને કેમ? હું નહીં?

મોનુ:		તું તો આજથી મારી નાનકડી બહેન....

પીનુ: વાહ, આપણે તો જલસા, હવે બે ભાઇ. રક્ષાબંધનને દિવસે બે ગીફ્ટ મળશે.

સોનુ: બહું ડાહી હોં.! સ્વાર્થી ન થા.

મમ્મી: પીનુ તો મસ્તી કરે છે.

પીનુ: ના રે, સાચ્ચે જ લઇશ હું તો. ( હસે છે. )

મોનુ: અને હું સાચ્ચે જ આપીશ મારી નાનકડી બહેનને. મારે તો આમે ય કોઇ બહેન છે જ કયાં ?

સોનુ: હું તો માનતો હતો કે મોનુને કેવા જલસા છે.! ગાડી છે, ડ્રાઇવર છે, બંગલો છે, પણ આજે મને થાય છે કે એ બધું ન હોય તો ચાલે. મારી પાસે તો આવા સરસ મમ્મી છે, પપ્પા છે ને વહાલી બહેન છે

(સોનુની મમ્મી ચિઠ્ઠીઓ બનાવે છે અને તેમાં કંઇ લખે છે. એ જોઇને મોનુને નવાઇ લાગે છે. તેથી પૂછે છે.)

મોનુ: આન્ટી, આ તમે શું લખો છો ?

મમ્મી: જુઓ, આ ત્રણ ચિઠ્ઠી બનાવી છે. જેને જે ઉપાડવી હોય તે ઉપાડે. દરેકમાં એક વિષય લખ્યો છે. સાવ સહેલો. તમને બધાને આવડે તેવો. જેનામાં જે લખ્યું હોય તે વિષય પર જેટલું...જેવું આવડે તેટલું મોટેથી બોલવાનું. જે સરસ બોલશે તેને ઇનામ પણ મળશે.

મોનુ: અરે, વાહ ! આ તો મજા આવી ગઇ.

સોનુ: અરે, મારી મમ્મી તો આવું કેટલું યે રોજ નવું નવું અમને રમાડે છે.

મોનુ: આન્ટી કોના? (હસે છે.)

સોનુ: મમ્મી કોના ?

પીનુ: સીમ્પલ..! મારા.!

સોનુ: જા, ચમચી.. પાટલીબદલુ...તારા તો પપ્પા. !

(બંને ફરી એકવાર ધમાલ, મસ્તી કરે છે. ત્રણે દોડાદોડી કરે છે. મમ્મી આનંદથી જોઇ રહે છે. અને પડદો પડે છે. )

# સમજણ

પાત્રો: દાદીમા, મમ્મી, પપ્પા, અનંત ( તેમનો દીકરો લગભગ દસ વરસનો)

હિનલ (અનંતની નાની બહેન આઠ વરસની)

સ્થળ: મધ્યમ વર્ગ નું હોય તેવું સામાન્ય ઘર.

( બંને બાળકો યુનીફોર્મમાં તૈયાર થઇને અંદરથી આવે છે. દાદીમા માળા ફેરવતા બેઠા છે.)

અનંત: ગુડ મોર્નિંગ દાદીમા,

દાદીમા: જે શ્રીકૃષ્ણ કે'વાય બેટા..

હિનલ: દાદીમા, અમને તો સમજાતુ જ નથી કે અમારે તમારું માનવું કે

સ્કૂલમાં ટીચરનું ?

દાદીમા: એટલે ?

અનંત: એટલે એમ જ કે તમે કહ્યા કરો કે ગુજરાતીમાં બોલો...આપણી માતૃભાષામાં વાત કરો..

હિનલ: ને સ્કૂલમાં ભૂલથી પણ ગુજરાતીમાં બોલાઇ જવાય ને તો ટીચર ગુસ્સે થાય છે.

અનંત: એટલે અમારે તો બંને વચ્ચે સેંડ્વીચ જ થવાનું

હિનલ: અરે ક્યારેક તો ક્યારેક તો કઇ સમજાય પણ નહીં. તમે કહો છો “લે બેટા આ ફલાવરનું શાક......અને સ્કૂલમાં ટીચર કહેશે પાંચ ફલાવરના નામ આપો.

અનંત: અને પપ્પા કહેશે હાય ! માઇ સન…અને સ્કૂલમાં કહે… “Where is rising Sun?”

હિનલ: આ બધા શબ્દોના ગોટાળા…ને અમારી મૂંઝવણનો તો પાર નહી…….

દાદીમા: મને તો કઇ ખબર નથી પડતી.

અનંત: અરે દાદીમા, જવા દો..એ બધી વાતો તમને નહી સમજાય.

દાદીમા: કેમ અમને નહી સમજાય ? ને એવું હોય તો તમે સમજાવો…

હિનલ: સમજાવું? ઓકે. જુઓ એક નાનકડું ગીત કહું છું. સાંભળો..( બંને ગાય છે )

“મીના શીખતી અંગ્રેજી ને લીના શીખે ગુજરાતી.
મીના કહે ડેડી..ને લીના ને ગમે પપ્પા…

મીના સૂંઘે રૌઝ ને લીનાનો ગુલાબ ગોટો..

મીના ફેંકે થેંક્યુ ને લીના માને આભાર.

મીના પાસે છે મની ને લીનાને ગમે પૈસા…"

(અચાનક અનંત ઘડિયાળ સામે જુએ છે અને કહે છે)

અનંત: અરે એય.. આઠ વાગી ગયા. સ્કૂલનો સમય થઇ ગયો ભાગ જલ્દી.

(બંને જલ્દી જાય છે) દાદીમા, બાય.. બાકીનું આવીને મોડું થઇ ગયું

દાદીમા: અરે બેટા, સંભાળીને જાજો.

દ્રશ્ય બીજું.

સ્થળ: એ જ ઘર. (અનંત અને હિનલ સ્કૂલેથી આવે છે. બૂટ મોજા ઉતારીને એકબાજુ ફેંકે છે. બંને થોડા ગુસ્સામાં ને થોડા ઉદાસ છે.)

હિનલ: બધા પ્રવાસ માં જાય… બસ આપણે જ નહીં

અનંત: આવા મોટા પ્રવાસમાં જવાની કેવી મજા આવે ? પણ મને નથી

લાગતું કે આપણને પપ્પા હા પાડે.

હિનલ: ના ના, જોને પહેલાં આપણે ગયા જ હતા ને ? ક્યાં ના પાડી હતી ? મમ્મીએ સરસ નાસ્તો પણ બનાવી જ આપ્યો હતો ને?

અનંત: એ તો સવારથી સાંજ જ જવાનું હતું ને? આમાં તો કેમ્પના ત્રણ હજાર રૂપિયા ભરવાના છે. અને પપ્પા છે કંજૂસ. હમણા ના જ પાડી દેશે (રડમસ અવાજે) જો જે ને આપણે જવાશે જ નહીં ને !

હિનલ: તો શું કરશું ?

અનંત: (ગુસ્સાથી) શું કરશું શું ? આ વખતે તો હું માનવાનો જ નથી ને.. જીદ કરશું, ભૂખ હડતાલ કરશું પણ પ્રવાસે જવાના પૈસા તો લેશું જ. આવા સમર કેમ્પમાં છેક કુલ્લુ મનાલી જવાનું આપણને મન ન થાય?

હિનલ: મારી યે બધી બેનપણીઓ જવાની છે

અનંત: આ વખતે આપણે માનવું જ નથી ને ! (મમ્મી આવે છે)

મમ્મી: ઓહ ! બેટા, આવી ગયા?

બંને: (ગુસ્સાથી) હા, આવી તો જઇએ જ ને ?

મમ્મી:કેમ આજે આમ બોલો છો ? ભૂખ લાગી છે ? તમારા માટે ગરમ નાસ્તો તૈયાર જ છે હોં !

અનત: અમારે નાસ્તો નથી કરવો.

મમ્મી: પણ થયું શું ?

હિનલ: મમ્મી, આજે અમારી એક વાત માનીશ ?

મમ્મી: ચોક્કસ માનીશ. મારી લાડકી દીકરીની વાત ન માનું એમ બને ?

અનંત: અને હું ?

મમ્મી: અને તું મારો લાડકો દીકરો. બોલો શું વાત છે ?

અનંત: મમ્મી, વાત એમ છે ને કે અમારી સ્કૂલમાંથી આ વેકેશનમાં સમરકેમ્પ જવાનો છે.

મમ્મી: (મોઢુ પડી જાય છે.ધીમેથી) સમર કેમ્પ?

અનંત: હા. કુલુ મનાલી... ને એમાં અમારા બધા ય મિત્રો જવાના છે

હિનલ: મમ્મી... પ્લીઝ... અમારે યે જવું છે

મમ્મી: કેટલા પૈસા ભરવાના છે ?

અનંત: ફકત ત્રણ હજાર રુપિયા.

મમ્મી: ત્રણ હજાર?

અનંત: મમ્મી, ત્યાં છેક લઇ જાય તો એટલા તો હોય જ ને ? મારા બધા મિત્રો તો કહે છે કે સસ્તામાં આટલા બધા દિવસો લઇ જાય છે. આ તો સ્ટુડંટ કન્સેશન છે ને ? એટલે ...

મમ્મી: પણ બેટા..

હિનલ: પ્લીઝ...મમ્મી...

અનંત: ને મમ્મી, પપ્પાને પણ તારે જ સમજાવવાના છે. હમેશા અમને ના જ પાડે છે એ ન ચાલે હોં !

મમ્મી: (એકબાજુ જઇને) પપ્પાને શું સમજાવું ? ને તમને શું સમજાવું ? મા-બાપની લાચારીની વાત અત્યારે તમને નહીં સમજાય.

અનંત: મમ્મી, પ્લીઝ....ના ન કહેતા હોં.

મમ્મી: સારું. પપ્પા હમણા આવવા જ જોઇએ. ચાલો, ત્યાં સુધીમાં તમે નાસ્તો કરી લો.

અનંત: નહીં અમને ભૂખ નથી...( હિનલ સામે જોઇ ઇશારો કરે છે)

હિનલ: મને પણ ભૂખ નથી લાગી.( મમ્મી સમજી જાય છે. પણ શું બોલવું તે ખબર ન પડવાથી ઉદાસ થઇ ને બેસી જાય છે. ત્યાં પપ્પા આવે છે. આવીને ખુરશી પર

બેસે છે. છોકરાઓ સામે જોઇ સ્મિત કરે છે. પણ આજે તેઓ હસવાના મૂડમાં નથી.)

પપ્પા: અનંત, લે આ તારા બેટ અને બોલ.( આપે છે ) તેં મંગાવ્યા હતા ને ? અને હિનલ, આ તારી કેડબરી. ખુશ? (છોકરાઓ લેતા નથી, ચૂપચાપ બેસી રહે છે)

પપ્પા: કેમ આજે શું થયુ છે મારા દીકરાઓને ?

અનંત: મમ્મી, તું જ કહે ને...

પપ્પા: અરે, મમ્મીને કહેવું પડે એવું વળી શું છે ?

અનંત: હિનલ, તું જ કહે ને..આમેય તું પપ્પાની ચમચી છો.

પપ્પા: અરે એટલું બધું સસ્પેંસ શું છે ?

હિનલ: પપ્પા. સસ્પેંસ કઇ નહીં..આ તો અમારી સ્કૂલમાંથી આ વેકેશનમાં સમર કેમ્પ જવાનો છે.

અનંત: કુલુ-મનાલી...

પપ્પા: કેટલા પૈસા ભરવાના છે ?

હિનલ: રૂપિયા ત્રણ  હજાર એકના.

અનંત: પપ્પા.પ્લીઝ...અમે જઇએ ને ? બે દિવસમાં નામ લખાવી દેવાના છે.

પપ્પા: એટલે કુલ છ હજાર રૂપિયા.

મમ્મી: હા. છ હજાર. ( પપ્પા સામે જોઇ રહે છે)

પપ્પા: તમને ખબર છે ને કે તમારા પપ્પાની આવક એટલી નથી કે તમને આટલા બધા પૈસા આપી શકે?

મમ્મી: હા, બેટા, બાકી પોતાના છોકરા પ્રવાસમાં જાય એ કોને ને ગમે ?

પપ્પા: હા, મને યે તમને મોકલવાની હોંશ ઘણી છે. પણ હવે તમે એટલા

નાના નથી કે તમે સમજી ન શકો, ને મને આમેય ચોખ્ખી વાત કરવાની ટેવ છે. એટલે આડી-અવળી વાત કરવાને બદલે હું સ્પષ્ટ જ કહીશ. મને આશા છે કે તમે મારી મજબૂરી સમજી શકશો.

અનંત: (રડમસ અવાજે) પપ્પા,પ્લીઝ....કંઇક કરો ને ?

પપ્પા: શું કરું બેટા ? પૈસા હોત તો હું ના થોડો પાડત ?

હિનલ: ના, પપ્પા, તમે ધારો તો બધુ કરી શકો. બહાના ન કાઢો હોં.

પપ્પા: બહાના નથી...હકીકત કહું છું.

અનંત: તમે તો આખો દિવસ બહારગામ જાવ જ છો ને ?

પપ્પા: એ થોડો ફરવા જાઉં છું ? એ તો ઓફિસના કામે જવું પડે છે. અને એનો ખર્ચો તો કંપની આપે.

હિનલ: ના.પપ્પા..એ અમે કંઇ ન જાણીએ. આ વખતે તો તમારે જવા દેવા જ પડશે.

પપ્પા: (ગુસ્સે થાય છે) એકવાર સાચી વાત કહીને સમજાવ્યા....પછી જીદ કરવાની જરૂર નથી. એકવાર ના કહી કે આપણને પોષાય તેમ નથી એટલે વાત પૂરી..

અનંત: પણ પપ્પા.....

પપ્પા: (એકદમ ગુસ્સાથી) બસ... બહુ થયુ. હવે દલીલો નહી. ચાલો વાત પૂરી.

મમ્મી: ચાલો પહેલા બધા જમી લઇએ. ચાલ બેટા,

અનંત અને હિનલ (સાથે) અમારે નથી જમવું.

પપ્પા: એ વળી શું ?

અનંત: એટલે એમ કે અમારે નથી જમવું.

હિનલ: અમને ભૂખ નથી લાગી.

મમ્મી: બેટા, એવી જીદ ન કરાય. અનાજ તો દેવતા છે. એનું અપમાન ન કરાય.

(બંને કંઇ બોલતા નથી.ચૂપચાપ અદબ વાળીને બેસી  રહે છે. મમ્મી પપ્પા સામે જુએ છે)

પપ્પા: (ગુસ્સાથી) એને ન જમવું હોય તો કઇ નહીં.. મનાવવાની જરૂર નથી. આમ જ જીદ્દી થઇ ગયા છે. ભૂખ લાગશે ત્યારે જાતે જમશે. ચાલ, હું તો થાકી ગયો છું, આવતા વેંત......

મમ્મી: (રડમસ અવાજે) પણ,,,,,,..

પપ્પા: પણ ને બણ કંઇ નહી..હવે એ લોકો નાના નથી. તેમણે હવે સમજતા શીખવું જ પડશે. સાચી વાત જે છે એ કહી દીધી. (ગુસ્સાથી) હવે શું મારે ચોરી કરવી કે ઉધાર માગવા? ( મમ્મીને હાથ ખેંચી અંદર લઇ જાય છે)

અનંત: (ગુસ્સાથી) જોયુ ને ? મને ખબર જ હતી કે ના જ પાડશે. બહાના તૈયાર જ હોય છે.

હિનલ: પણ હવે ? હવે શું કરશું ?

અનંત: હવે ભૂખ હડતાલ.. ગાંધીચીંધ્યા માર્ગે... સત્યાગ્રહ.. અનશન.. આપણે ભણ્યા છીએ ને ?

હિનલ: (રોતલ અવાજે) પણ ભાઇ, મને તો ભૂખ લાગી છે.....

અનંત: બહાદુર થા બહાદુર..એક દિવસ ભૂખી નથી રહી શકતી ?

હિનલ:		પણ એક દિવસમાં પૈસા નહી આપે તો ?

અનંત:		જરૂર આપશે. આપણે ભૂખ્યા રહીએ એ કોઇ ને ગમે છે ? એની તો આપણને યે ખબર છે. આ વખતે તો પપ્પાને પૈસા આપવા જ પડશે.... ( બંને ચૂપચાપ બેસી રહે છે )

દ્રશ્ય:3

(દાદીમા, મમ્મી,  પપ્પા ત્રણે ઉદાસ ચહેરે બેઠા છે. બંને છોકરાઓ બારણામાંથી ડોકિયુ કરે છે.)

અનંત:		હિનલ. મને લાગે છે ત્રણે ભેગા મળીને આપણી જ વાત કરે છે. મને લાગે છે... દાદીમા હમેશની જેમ આપણો પક્ષ લઇને પપ્પાને સમજાવશે જ. ચાલ એક

કામ કરીએ. આપણે છાનામામા અહીં સંતાઇને તેમની વાતો સાંભળીએ. આપણને પણ ખબર તો પડે કે આપણી શું વાતો કરે છે.

હિનલ: મને તો ભૂખ પણ બહુ લાગી છે હોં.

અનંત: અરે ચિંતા ન કર. દાદીમા છે એટલે આપણને ન્યાય મળશે જ.

(બંને બારણા પાછળ સંતાઇને ઉભે છે અને સાંભળે છે.)

પપ્પા: બા. તમે આજે કેમ જમ્યા નહીં ?

દાદીમા: બેટા, આજે છોકરાઓએ ખાધું નથી..મારા ગળે કોળિયો કેમ ઉતરે ?

પપ્પા: ખાવું તો કોઇને યે ક્યાં ભાવ્યું છે ? પણ છોકરાઓની ખોટી જીદ કેમ ચાલે ?

મમ્મી: બધા જતા હોય એટલે છોકરાઓને પણ મન તો થાય ને?

પપ્પા: હા, પણ મન થાય એ બધું જિંદગીમાં થોડુ મળી શકે છે ? મન તો મને યે ઘણું થાય છે ..પણ થઇ શકે છે એકેય ઇચ્છા પૂરી ?

મમ્મી: છોકરાઓ નાના છે એટલે અત્યારે સમજી ન શકે.

પપ્પા: મને યે છોકરાઓને પ્રવાસે મોકલવાનું મન શું નહીં થતુ હોય ? ના પાડવી મને કેટલી આકરી લાગે છે તે તેમને શું ખબર પડે ?

મમ્મી: હા, પણ આપણી લાચારી તેમને કેમ સમજાવવી ?

દાદીમા: એક કામ કરીએ.

પપ્પા: શું ?

દાદીમા: મારી આંખના ઓપરેશન માટે તું પૈસા ભેગા કરે છે ને ?

પપ્પા: હા, તો એનું શું છે ?

દાદીમા: તો એ પૈસા છોકરાઓને પ્રવાસમાં જવા આપી દે.

પપ્પા: (ગળગળા અવાજે) બા, પછી ઓપરેશનના પૈસા ક્યાથી કાઢવા ? હજુ તો એ યે પૂરા જમા નથી થયા.આવતા મહિને તો ગમે તેમ કરીને કરાવવું જ પડશે, એમ ડોક્ટરે કહ્યું છે.

દાદીમા: ના, વાંધો નહી. ઓપરેશન થોડુ મોડુ કરાવશું. છોકરાઓ આમ નિરાશ થાય એ મને ગમે નહીં.

પપ્પા: ને બા, તમને આટલી તકલીફ છે એનું શું ?

દાદીમા: મોટાઓ તો તકલીફ સહન કરી શકે. નાના છોકરાઓનું મન તૂટી જાય.

પપ્પા: ના બા, હું એવું ન કરી શકું. જેમ છોકરાઓ મને વહાલા છે, એમ તું યે મારી મા છો. હું જ કંઇક બીજો રસ્તો શોધીશ.તું ચિંતા ન કર.

દાદીમા:		બીજો રસ્તો એટલે શું ? ઉધાર જ માગવાનો ને કોઇ પાસે ?

પપ્પા:		બીજુ શું કરું ?

મમ્મી:		આપણે કયારેય કોઇ પાસે હાથ નથી લંબાવ્યો. હમેશા સ્વમાનથી જીવ્યા છીએ. ખાલી છોકરાઓની જીદ માટે થઇને..........

પપ્પા:		કઇ વાંધો નહી. એ પણ છોકરાઓ માટે કરશું.

મમ્મી:		ના, ના, મને વિશ્વાસ છે. આપણા બાળકો એવા અસંસ્કારી કે જીદી નથી જ. તેમને સાચી વાત સમજાવશું તો જરૂર સમજશે. મને તેમનામાં પૂરો વિશ્વાસ છે.

પપ્પા:		બધું  કહી તો જોયુ કે પૈસા નથી...

મમ્મી:		ના, એમ નહીં. આપણે એમને પ્રેમથી પાસે બેસાડીને ..વિગતવાર ક્યાં સમજાવ્યા છે ? એમ જ એક વાકયમાં કહી દઇએ એટલે એમને તો એમ જ થાય ને

આપણે બહાના કાઢીએ છીએ.

પપ્પા: ના, ના, એ બધા કરતા હું જ કંઇક રસ્તો કાઢી લઇશ. હવે પહેલા તું બંનેને સમજાવીને જમાડ. બીજી બધી વાત પછી.

મમ્મી: હા, આપણે કોઇ ક્યાં જમી શકયા છીએ ? બાળકો ભૂખ્યા હોય ને મા-બાપને ગળે કોળિયો કેમ ઉતરે ? ચાલો અંદર. ( બધા અંદર જાય છે.)

(અનંત અને હિનલ આવે છે. બંનેની આંખમાં આંસુ છે.)

અનંત: હિનુ, આપણે આવા અસંસ્કારી છીએ ?

હિનલ: ને દાદીમા તો આપણને કેટલા વહાલા છે ! ઓપરેશનના પૈસાથી આપણે શું પ્રવાસમાં જઇને મજા કરીએ ?

અનંત: ના, ના, મને લાગે છે આપણી જ ભૂલ હતી. મમ્મી- પપ્પા બહાના

નથી કાઢતા. દુનિયામાં બધા થોડા પૈસાદાર હોય છે ?

હિનલ: જેને પ્રવાસમાં જવું હોય એ ભલે જાય. આપણને એનાથી ફરક નથી પડતો.

અનંત: આપણા મમ્મી. પપ્પા, દાદીમા બધા ખુશ રહે તો જ આપણે ખુશ રહી શકીએ ને ?

(ત્યાં મમ્મી- પપ્પા આવે છે)

મમ્મી: ચાલો બેટા, હવે જમી લો.

પપ્પા: ને ચિંતા ન કરો..તમારા પ્રવાસમાં જવાની વ્યવસ્થા થઇ જશે, ઓ.કે? હવે ખુશ? (બંને બાળકો કંઇ બોલતા નથી.)

મમ્મી: હવે શું છે? પપ્પામાં વિશ્વાસ નથી ? કેમ બોલતા નથી ?

અનંત: પપ્પા, શું બોલીએ ?

હિનલ: અમે કંઇ એવા જીદી છોકરા નથી.

મમ્મી: એટલે ?

અનંત: એટલે એમ જ કે અમને અમારી ભૂલ સમજાઇ ગઇ છે.

હિનલ: અમારે પ્રવાસમાં જવુ જ નથી.

અનંત: ને અમે કયારેય કોઇ પણ ખોટી વસ્તુની જીદ પણ નહી કરીએ..

પપ્પા: પણ....

અનંત: પણ ..કાંઇ નહી. અમે તમારી બધી વાત સાંભળી છે. પ્લીઝ પપ્પા. અમને માફ કરો. (બંને સાથે) અમને માફ કરો.

મમ્મી: (ગર્વ થી) હું કહેતી જ હતી ને કે મારા છોકરાઓ અસંસ્કારી નથી જ. (બંનેને વહાલ કરે છે)

પપ્પા: મારા નહીં.. આપણા કહે. બેટા, " we are proud of you "

હિનલ, અનંત:	(સાથે) પપ્પા. અમે પણ...

(દાદીમા અંદરથી આવે છે)

દાદીમા:	ને બેટા. મને તો તમારા બધાનું ગૌરવ છે. ( છોકરાઓ દાદીમાને ભેટી પડે છે...)

(પડદો પડે છે)

# દીપથી દીપ જલે.

પાત્રો: દાદીમા

મમ્મી

દેવીબેન (કામવાળી દેવી 35 થી 40 વરસની)

અમન (દીકરો 11 થી 12 વરસનો)

સ્થળ: (ઉચ્ચ મધ્યમ વર્ગનો ડ્રોઇંગરૂમ)

(પડદો ખૂલે છે.. કામવાળી પોતા કરે છે.. દાદીમા નિરીક્ષણ કરે છે.)

દાદીમા: અરે, દેવી, જરા ઘસીને પોતુ કરજે.. કાલે ય સરખુ ન'તુ કર્યું. (દેવી કંઇ જવાબ આપતી નથી.)

દાદીમા: કેમ અલી... મોંમાં મગ ભર્યા છે? જવાબેય નથી આપતી.

દેવી: (દુ:ખી અવાજે) શું જવાબ આલું બા? આ સરખુ તો કરુ છું.

મમ્મીઃ (અંદરથી આવે છે) બા, હમણાં દેવીનું મગજ ઠેકાણે નથી.

દાદીમાઃ કેમ શું થયું દેવીને વળી? મને યે બે દિવસથી ઉદાસ તો લાગે છે. મન વિનાનું બધું કરતી હોય એવુ લાગે છે.

મમ્મીઃ આમ તો દેવીને કંઇ થયુ નથી. પણ આ એનો પેલો છોકરો મરી ગયો હતો ને?

દાદીમાઃ એ વાતને તો આજે પાંચ વરસ થઇ ગયા. આજે એનુ શું છે ? હા, માને યાદ તો આવે જ. પણ ઇશ્વરની ઇચ્છા આગળ કોઇનું ચાલ્યુ છે? (નિસાસો નાખે છે)

મમ્મીઃ વાત બીજી જ છે.

દાદીમાઃ શું છે ?

મમ્મીઃ દેવી, તું જ કહે ને.

દેવીઃ ના, બેન, હું શું કહુ ? મારો તો ફૂલ જેવો છોકરો ગયો એની તોલે બીજું કંઇ થોડુ આવે?

દાદીમા: પણ અલી, વાત શું છે એ કહીશ કંઇ ?

મમ્મી: બા, વાત જાણે એમ છે કે બે દિવસ પહેલા આ દેવીને ઘેર એમનો જે બ્રાહ્મણ ગોર હોય છે ને એ આવ્યો.

દાદીમા: હં... તો...

મમ્મી: આવીને આ દેવીને કહે “આ તમારો છોકરો જે મરી ગયો છે ને એ બિચારાને ઉપર બહું દુ:ખ છે. ”

દાદીમા: તે એ ગોર ઉપર જોવા ગયો હતો? (કટાક્ષમાં)

મમ્મી: બા, પૂરૂ સાંભળો તો ખરા.....એમ કહ્યુ એટલે દેવી તો બિચારી ગભરાઇ ગઇ.. કે’ મા’રાજ શું થયું મારા છોરાને?”

દેવી: અમ ગરીબના છોરાને તો ન નીચે નિરાંત...ન ઉપર...

દાદીમા: પણ કહ્યું શું એણે ?

મમ્મી: એણે આ દેવીને કહ્યું કે તારા છોરાને ઉપર દૂધ પીવા નથી મળતુ..

એટલે જો આ તારી ગાય તું બ્રાહ્મણ ને ..ગોર મહારાજને દાન કરી દે તો ઉપર એને દૂધ મળે.

દાદીમા: એ તો કહ્યા કરે. ઉપર કોણ એનો કાકો આપવા જવાનો છે ?

મમ્મી: એણે તો કહ્યું... પણ આ મૂરખ દેવીએ હોંશે હોંશે આપી પણ દીધી... કે મારો છોકરો ઉપર દૂધ વિનાનો ન રહે....

દાદીમા: (ગુસ્સાથી) અરે, મૂરખ......

મમ્મી: હજી પહેલા મારી પૂરી વાત તો સાંભળો.... તે દિવસે તો તે ગાય લઇને ગયો.. ને થોડા દિવસ પછી પાછો આવ્યો.

દાદીમા: ગાય પાછી આપવા ?

મમ્મી: એ કંઇ થોડો એવો મૂરખ હોય? એ તો આવ્યો હતો દેવીના છોકરા ના સમાચાર આપવા.!

દાદીમા: (કટાક્ષમાં) તે ઉપર જઇને જોઇ આવ્યો હશે.

મમ્મી:		એ તો એને ખબર....પણ આવીને દેવીને કહે..” હવે તારા છોરાને ઉપર દૂધની નિરાંત થઇ ગઇ છે. પણ........

દેવી:		(વચ્ચેથી બોલે છે.) અને એનું પણ સાંભળીને.. બા.મને તો એવી ફાળ પડી કે હજી મારા છોરાને ઉપર દુ:ખ છે?

દાદીમા:		હં પછી?

મમ્મી:		પછી એ ગોર મહારાજ દેવીને કહે “અત્યારે તો ઉપર બહુ ટાઢ છે. તારો દીકરો તો બિચારો ધ્રૂજે છે. નથી એની પાસે ઓઢવાનું કે નથી પાથરવાનું.....”

દેવી:		બિચારો મારો ગરીબડો બાળ !

દાદીમા:		હં અને પછી ?

મમ્મી:		પછી...પછી શું મહારાજે માગ્યા બે-ચાર ગોદડા ને સરસ મજાનું ગાદલું....!

દાદીમા:		અને દેવીએ આપી દીધુ ?

મમ્મી: (કટાક્ષમાં) તે ન આપે? ઉપર એના બિચારા નાનકડા બાળને ઠંડી ન લાગે? (હસે છે)

દેવી: (પોતાની ઉતારે છે તે સમજી જાય છે.) બેન, તમે ભલે આવું બધુ ન માનો. તમારા ભણેલા લોકોનું આ જ દુ:ખ......અમારી મશ્કરી જ કરો.....

મમ્મી: દેવી, આ મશ્કરી નથી..પણ....

દેવી: (વચ્ચેથી) બેન, શાસ્તરમાં લખેલું ખોટુ થોડું હોય?

દાદીમા: તે અલી, તું શાસ્તર વાંચવા ગઇ હતી?

દેવી: મને થોડુ વાંચતા આવડે છે? પણ અમારા ગોર મહારાજને તો બધુ યે આવડે હોં.

મમ્મી: ને હવે એનો જીવતો છોકરો ભલેને અહીં ઠંડી થી ધ્રૂજે કે દૂધનું ટીપુ યે ન પામે, પણ મરેલાને તો મળે છે ને ! (કટાક્ષથી)

દાદીમા: અલી દેવી, એ તારો મહારાજ ઉપર જઇને પાછો આવ્યો કે શું ?

દેવી: બા, તમે યે મારી મશ્કરી કાં કરો ?

દાદીમા: મશ્કરી નથી કરતી...હું તો પૂછું છું કે પછી એ ઉપર જઇને ગોદડા દઇ આવ્યો ને? તારા છોકરાને હવે તો ઠંડી નથી પડતી ને ?

દેવી: હા, હા...મહારાજ ને આપ્યા એટલે પહોંચી જ ગયા હોય ને ? અને એ તો પાછો છે માતાજીનો ભૂવો. ધૂણે ને એટલે એને તો માતાજી હાજરાહજૂર....સંધુ યે સાચેસાચુ કઇ દે. એ બોલે એમાં મીનમેખ ન હોય. સંધાય બીવે એનાથી ને માતાજી ના કોપથી.

મમ્મી: બા, બોલો, હવે આ દેવીને શું કહેવું ?

દેવી: એ તો તમે બધા ભણેલા ન માનો..બાકી અમારા જેવા અભણને તો એનો જ આશરો.

મમ્મી: તું નહીં તો યે તારા દીકરાને તો હવે ભણાવ. એ તો થોડો સુધરે..

દેવી: તે ભણવાના પૈસા ક્યાંથી કાઢવા ?

મમ્મી:		બહાના ન કાઢ. અરે, સરકારી નિશાળમાં ભણવાના તો પૈસા યે નહીં લાગે.

દેવી:		ભણીને એ યે તમારી જેમ આવી સુધરેલી કે બગડેલી વાતું  કરવા માંડે..ના, ના, અમને એ ન પોષાય.

દાદીમા:		એટલે તું શું એમ માને છે કે આ તારા મહારાજને ગાય આપી..એટલે તારા છોરાને ઉપર દૂધ મળી ગયું ?

મમ્મી:		ને ગાદલુ ગોદડુ આપ્યા એટલે એની ટાઢ ઉડી ગઇ....બરાબર ?

દેવી:		(સમજી નથી શકતી) હા...હવે મારા બચુડાને નિરાંત...બિચારો !

મમ્મી:		બા. મને તો એ જ ખબર નથી પડતી કે આને સમજાવવી કેમ ? બિચારીને બધા લૂંટીને ઠગી જાય છે.......

દાદીમા:		ને હેં દેવી, આ તારો છોકરો જે જીવે છે એનું શું ?

દેવી:		એનું શું ?  જીવતુ માણસ તો ગમે ત્યાથી માગીને યે ખાઇ લે....

મરેલાને ઉપર આપવા મહારાજ સિવાય બીજુ કોણ જઇ શકે? આપણું થોડુ ઇ ગજુ છે?

મમ્મી: ને તારો ઇ મહારાજ વારેઘડી એ ઉપર નીચે જાયા કરે ને આવ્યા કરે !

દાદીમા: (હસે છે) બચારાએ પાસ કઢાવી લીધો હશે......ઉપર આવવા-જવાનો.....

દેવી: ના, રે, બા. એટલી તો અમને યે ખબર છે કે ઉપર જાય એ પાછો ન આવી શકે.

દાદીમા: તો પછી તારા છોકરાને બધું મળ્યું કઇ રીતે ?

(સમજાવતી હોય એમ) એ તો મહારાજને અહીં આપો ..ને ઇ વાપરે ..એટલે આપોઆપ ભગવાનને ઘેર એને સંધુ યે પોગી જાય. ઇ બધા તો ભગવાનના ભગત રહ્યા ને ? એ કંઇ આપણી જેમ સામાન્ય મનેખ થોડુ છે?

મમ્મી: અરે એ તો સામાન્યથી યે જાય તેવા છે. આપણે સામાન્ય માણસ તો સારા.. કોઇને છેતરીએ તો નહીં.

દેવી: બેન, એવું બોલીએ ને તો પાપમાં પડાય. ને માતાજી કોપે ને તો તો ધનોતપનોત નીકળી જાય.

દાદીમા: એટલે એનો અર્થ એ જ ને કે જે તેને દઇએ એ બધું આપણા સગાવહાલાને ઉપર પહોંચી જાય.

મમ્મી: (હસે છે) બધું ઓનલાઇન હવે તો......

દેવી: (એને સાંભળ્યા વિના) હા બા શાસ્તરમાંજ એવુ લખ્યુ છે. અને ભામણને આપવા જેવું બીજુ કોઇ પુન નથી.

મમ્મી: હા, પણ એ ભામણ લાયક હોવા જોઇએ. જન્મથી જ નહી કર્મથી પણ સાચા અર્થમાં બ્રાહ્મણ હોવા જોઇએ પણ હવે તને આ બધુ સમજાવવું કેમ? "ભેંસ આગળ ભાગવત" નો અર્થ શું?

દાદીમા: હા, આને તો એની ભાષામાં.. એ સમજે તેમ સમજાવીએ તો જ ગળે ઉતરે...

મમ્મી: હા, પણ..એ જ નથી સમજાતુ કે આને કેમ ગળે ઉતારવું ? બિચારી છેતરાયા કરે છે.

દાદીમા: ન જાણે આવા તો કેટલાયે છેતરાતા હશે ખાસ કરીને ગામડામાં.

મમ્મી: હા, અને આપણા દેશમાં ગામડાઓનો પાર કયાં છે ? એટલે અભણ લોકોનો લાભ આવા ધૂતારાઓ લેતા જ રહે છે. મને તો શું કરવું એ જ સમજાતુ નથી. અરે આ એક દેવી બિચારી આમાંથી છૂટે તો યે સારું.

(ત્યાં તેમનો દીકરો અમન દોડતો આવે છે, 11 થી 12 વરસનો છે. હાથમાં છાપું છે.)

અમન: મમ્મી,... દાદીમા... (હાંફે છે)

દાદીમા: અરે, બેટા, ધીમે ધીમે...શું છે આટલુ બધું ?

અમન: (હાથમાં રહેલ છાપુ બતાવે છે) જુઓ.. જુઓ.. આમાં આપણાં જ ગામનુ કંઇક આવ્યું છે. મમ્મી તે દિવસે તું ટી.વી. જોતી વખતે સમજાવતી હતી ને કે

ભૂત-પ્રેત, દોરા-ધાગા, ભૂવા ને એવું બધું કંઇ સાચુ ન હોય. જો, આ છાપામાં પણ આવ્યું છે ને એક મહારાજને પોલીસે પકડયો છે ને તે કેવી રીતે લોકોને ઠગતો હતો, ભૂવો બની ધૂણતો હતો ને બધાને હેરાન કરીને પૈસા ને બધું પડાવતો હતો બધું આમાં આવ્યું છે. અમારા ટીચર પણ આજે આ જ બધી વાતો કરતા હતા.

મમ્મી: હા. કયારેક જરૂર એ લોકો પકડાય છે. પણ એ તો દરિયામાં તરતા બરફના પર્વત જેવું. એકાદ ભાગ જ બહાર આવે ને પકડાય. બાકીના નવ ભાગનું શું ?

(નિસાસો નાખે છે.)

દાદીમા: જ્યાં સુધી સાચું ભણતર ન આવે...ગામડાના લોકોની આંખ ન ખૂલે ત્યાં સુધી સમાજમાં આવા ધતિંગ ને અંધશ્રધ્ધા ચાલતા જ રહેવાના.

અમન: મમ્મી, જો આમાં ફોટો પણ આવ્યો છે. ( બતાવે છે. દેવી બધી વાતો સાંભળે છે અચાનક તેનું ધ્યાન છાપાના ફોટા પર પડે છે.)

દેવી: અરે.. આ તો અમારા જ ગોર મહારાજ ! હું કેતી’તી ઇ જ !

મમ્મી: શું? તારી ગાય ને બધું લઇ ગયો હતો એ?

દેવી: હા, હા...ઇ જ..હાય...હાય...! તો ઇ બધુ ખોટુ હતું ? ઇ અમને છેતરતો હતો ?

મમ્મી: ખોટુ જ તો હતું. અમે એ જ તો તને કયારના સમજાવતા હતા. અ ને તે દિવસે તેં ય અમારી સાથે ટી.વી.માં પણ આવુ બધું નહોતુ જોયું ? કેવા બધા પકડાયા હતા તે?

દાદીમા: અલી. સમજાય છે કંઇ ?

દેવી: (રડવા જેવા અવાજે) હા, બા, મારી આંખ આજે ઉઘડી. તમારી બધી વાતુ સાચી.. હવે થાય છે કે તમારી વાત પેલા માની હોત તો ? મારી ગાય ને......

મમ્મી: જવા દે હવે જે થયુ તે.યાદ કરી ને દુ:ખી ન થા. આટલે થી જ તું છૂટી ગઇ. એમ માન. અને હવે તું સમજી છો ને તો તારી આજુબાજુનાને પણ સમજાવજે.

દાદીમા: ને તારા છોકરાને હવે ભણાવજે. આ હું ભણી નથી એનો મને યે આજે

અફસોસ થાય છે. પણ અમારા છોકરાઓ ભણ્યા છે એટલે અમને વાંધો નથી આવતો. હવે તું યે તારા મંગાને ભણવા મૂકજે હોં !

દેવી: હા, બા, હવે એવી ભૂલ થોડી કરું ? અરે અમારા વાસમાં યે બધાને કહીશ.

મમ્મી: સરસ.... આમ જ્યોતથી જ્યોત જલતી રહે તો જ દેશનું ભાવિ ઉજ્જવળ બને.

દાદીમા: સમાજમાં આવા કેટલા યે ધૂતારાઓ..પાખંડીઓ પડયા હશે .

મમ્મી: ને આપણું અજ્ઞાન તેને પોષતું હશે. સારું છે આ નવી પેઢી આવા બધા માં બહુ માનતી નથી ને ફસાતી નથી.

દેવી: આજે મને યે ભણતરની કિમત સમજાણી. અમારે તો એક કાગળ વંચાવવા કે લખાવવા યે કોઇના ઓશિયાળા થવું પડે .ને લખનાર શું લખે કે શું વાંચે, સાચું ખોટું એ અમને શું ખબર પડે?

મમ્મી: તો આજે ઘેર જઇને પહેલું કામ તારા દીકરાનું નિશાળમાં નામ લખાવવા જવાનું કરજે. સમજી ?

દેવી: હા, બા. હવે એમાં તમારે કંઇ કેવુ જ ન પડે. મારી બેનના છોરા ને યે લેતી જાઇશ અમે ભલે ન ભણ્યા પણ હવે અમારે છોકરાઓને તો જરૂર ભણાવશું જ. જેથી તેઓ તો અમારી જેમ ન છેતરાય.

મમ્મી: શાબાશ ! લે આ છાપુ યે લેતી જા. બધાને બતાવજે. (દેવી છાપુ લે છે ને જાય છે.)

મમ્મી: આજે દેવીરૂપી એક દીપ જલ્યો છે . આમ જ દીપથી દીપ જલતા રહે ને પ્રકાશ ફેલાતો રહે.

અમન: મમ્મી... આજે સ્કૂલમાં અમારા ટીચરે અમને બધાને પણ એક કામ કરવાનું કહ્યું છે.

દાદીમા: શું કામ ?

અમન: (હસે છે) બા, એ કામ તમારે માટે જ છે હોં !

દાદીમા: અલ્યા, મારે માટે વળી શું છે ?

અમન: અમારા ટીચરે કહ્યું છે કે જેના ઘરમાં કે આજુબાજુમાં કોઇ ને વાંચતા-લખતા ન આવડતું હોય.. તે બધાને અમારે રોજ અડધો કલાક શીખડાવવાનું છે. તો બા, (હસે છે) થઇ જાવ તૈયાર. આજથી તમે મારા વિધ્યાર્થી ને હું તમારો શિક્ષક.

દાદીમા: એય, મને તો આવડે છે.

અમન: (હસતા હસતા) ખાલી સહી કરતા....એ ન ચાલે

મમ્મી: હા, બા, અમનની વાત સાચી છે. તમે તે થોડુ વાંચતા લખતા શીખી જાવ તો તમારી જાતે છાપા કે પુસ્તકો જે વાંચવું હોય તે વાંચી શકો ને ?

દાદીમા: પણ...પણ....આ ઉમરે ?

મમ્મી: ઉમરને અને શીખવાને કોઇ સંબંધ નથી.

અમન: હમણાં દેવીબેન આગળ તો મોટી મોટી વાતો કરતા હતા ! (હસે છે)

દાદીમા: પણ મને આવડશે હવે ? પાકા ઘડે કાંઠા ચડશે ખરા ?

અમન: અરે બા, મારા જેવા શિક્ષક હોય ને ન આવડે એવું બને ખરા ?

દાદીમા: ઠીક ચાલ. ભઇલા, આજથી તું મારો ગુરૂ.

અમન: (ખુશ થઇને તાળી પાડે છે) વાહ! મજા આવી ગઇ. અને બા, ફી આપવી પડશે હોં.

દાદીમા: હા ભઇ, તુ જે કહે એ. તને થોડી ના પડાશે? બોલ શું જોઇએ છે તને?

અમન: આજે તમારા હાથની ગરમગરમ પૂરણપોળી ને ભજીયા.

દાદીમા: જરૂર.

અમન: આજે અમારા ટીચરે અમને એક ગીત શીખડાવ્યું છે,

મમ્મી: કયું ?

અમન: (ગાય છે....)

"નાના હો કે હો ભલે મોટા,
ભણીશું ને ભણાવીશું જરૂર..
શિક્ષણ નો અહાલેક જગાવીશું,
જ્ઞાનની જયોત જલાવીશું.
અંધશ્રધ્ધાને ભગાવીશું..
દીપ થી દીપ જલાવીશું
આજે છીએ નાના બાળ..
કાલે કરીશું જરૂર મોટા કામ..
સપના સૌ સાકાર કરીશું ..
ભારતને મહાન બનાવીશું."

(ગીત ગવાતું રહે છે ને પડદો પડે છે.)

# યુગધર્મ...

પાત્રો: કનૈયો. (લગભગ દસ વરસનો )

યશોદા

ગોપ બાળકો

ગોપીઓ.

પડદો ખૂલતા પહેલા અંદરથી સૂત્રધારનો ઘેરો, ગંભીર અવાજ સંભળાય છે. (પરિત્રાળાય સાધૂનામ વાળો શ્લોક સંભળાય અને પછી શબ્દો..)

સૂત્રધાર: એકવીસમી સદીમાં કૃષ્ણ ભગવાન અવતાર લઇને આવે.. નાનકડો કનૈયો ગોકુળની ગલીઓમાં ઘૂમે, માખણ ખાવાની જીદ કરે તો, આજે તેને કેવા અનુભવો

થાય... આજે જમુનાના નીર તેને કેવા દેખાય ને તે શું અનુભવે ? ચાલો, આપણે જાણીએ અને માણીએ પ્રસ્તુત નાટક.......... 'યુગધર્મ' માં..

સ્થળ: યશોદાજીનું ઘર. માતા યશોદા દહીં વલોવે છે. ગોપીઓ આજુબાજુ કનૈયાને ઘેરીને, ફરતાં ફરતાં ગાય છે. કનૈયો રડવાનું નાટક કરે છે.

કનૈયો: (રડતા રડતા લાડથી) મા, હજુ માખણ નથી થયું? જા તારી સાથે નહીં બોલું.

યશોદા: અરે મારા લાલ, આ નેતરા ફેરવી ફેરવી હું તો થાકી... પણ આ પાણીવાળા દૂધમાંથી માખણ બને તો ને?

કનૈયો: (રોષથી) હું કંઇ ન જાણુ મૈયા.. મને તો માખણ જોઇએ એટલે જોઇએ. તું નહીં આપે તો હું ગોપીઓને ઘેરથી લઇ આવીશ.

યશોદા: અરે બેટા, આપણે ત્યાં જ માખણ નથી થતું ત્યાં ગોપીઓની તો આશા રાખવી જ નકામી. અને તું શું એમ માને છે કે આજની ગોપીઓ તને એમ મફતમાં માખણ આપી દેશે ?

કનૈયો: મફતમાં તો ત્યારે યે ક્યાં આપતી? કેટલા નખરાં કરાવતી, બંસી વગાડવી પડતી,.. નાચ કરવા પડતા... ત્યારે માખણ મળતું. આજે પણ બંસી સંભળાવી દઇશ. બીજુ શું ?

યશોદા: (દુ:ખથી) હવે તારી બંસીના બોલ તો કાવ્યોમાં રહ્યા. બેટા, કવિઓને ગીતો ગાવામાં કામ લાગે. બાકી અત્યારે એમાં કોઇ માખણ ન આપે.

કનૈયો: હું એ કઇ ન સમજું. મને તો માખણ ખાવું છે

યશોદા: આ દૂધમાંથી તો માખણ નીકળી રહ્યું. એમ કર ચાલ, આ અમૂલનું માખણ તને આપુ. (અમૂલનું પેકેટ ખોલે છે)

કનૈયો: આ વળી શું ? ના, આવું વાસી માખણ મને ન ભાવે. મારે તો ગાયના દૂધનું તાજું માખણ જોઇએ.

યશોદા: ગાયના દૂધનું માખણ ? એ બધા સપના હવે ભૂલી જા બેટા. નહીતર દુ:ખી થઇ જઇશ.લે, બેટા, માખણ લે. (અમૂલનું પેકેટ ખોલી માખણ ખવડાવવાનો પ્રયત્ન કરે છે.)

કનૈયો: (ગાય છે. “મૈયા મોરી, મૈ નહીં માખણ ખાયો....” અને ભાગે છે. યશોદા તેની પાછળ દોડે છે. એકશન ગીત મૈયા મોરી...)

ગોપ: (આવે છે) કાનુડા, એય અલ્યા કાનુડા....

કનૈયો: (ખુશ થઇ જાય છે) ઓહ.. ગોપા, તું ? આવ આવ.

ગોપ: કાના, ત્યાં ચોકમાં બધી ગોપીયુ અને ગોપો બધા રાસડા લે છે. તારે જોવા આવવું છે ?

કનૈયો: અરે વાહ ! રાસલીલા રમે છે? ચાલ ભાઇ ચાલ, સદીઓ વીતી ગઇ આ બધું જોયા ને...

ગોપ: હા, હા,. હવે નવી આંખે નવી નવી રાસલીલા જોવા મળશે.

કનૈયો: નવી રાસલીલા ? એ વળી શું ?

ગોપ: એ બધું યે સમજાઇ જાશે. હાલો જલ્દી જલ્દી

કનૈયો: ચાલો. (ગોપ ને કનૈયો બંને જાય છે.. ચોકમાં છોકરીઓને છોકરાઓ ડિસ્કો દાંડિયા રમે છે. ગરબો... રાસ.. કશું અનુકૂળતા મુજબ મૂકી શકાય. કનૈયો તો જોઇ જ રહે છે)( અહીં ભવાઇ જેવું મૂકી શકાય. )

કનૈયો: (આશ્ચર્યથી) આ... આ બધું શું? રાસડા આમ રમાય?

ગોપ: કાના, આ તારા જમાનાના રાસ-ગરબા નથી. આ તો ડિસ્કો દાંડિયા છે.. ડિસ્કો દાંડિયા.

કનૈયો: એ વળી શું ?

ગોપ: બહુ પ્રશ્નો નહીં પૂછવાના.. જોયા કરવાનું... મૂંગા મૂંગા..

કનૈયો: ને આ માથુ પાકી જાય એવા રાગડા કેમ તાણે છે? સરસ મજાના સૂરીલા સંગીતના સ્વરો ક્યાં ગયા?

ગોપ: હવે આ જ બધુ સંગીત કહેવાય..અને હવે આવું જ ચાલે છે.

કનૈયો: આ? આ સંગીત કહેવાય ? (આશ્ચર્ય અને આઘાતથી)

ગોપ: હા, અત્યારે આની જ તો બોલબાલા છે.

કનૈયો: ને આ બધા તો ઠેકડા મારે છે. આ રાસ આમ કેમ રમે છે ?

ગોપ: કહ્યુ ને એકવાર. ચૂપચાપ જોયા કરવાનું.

કનૈયો: ને આ કપડા કેવા પહેર્યા છે ?

ગોપ: એકવીસમીમી સદીની આ ફેશન છે કનૈયા, આ ડીઝાઇનર કપડા કે'વાય. એ બધુ તને નહીં સમજાય. તારે રાસ રમવું છે ? બોલ તો પાસ લઇ આવું ?

કનૈયો: પાસ ? એ વળી શું ?

ગોપ: એટલે એમ કે અહીં કઇ મફતમાં રાસ ન રમાય... પૈસા આપવા પડે પૈસા..

કનૈયો: રાસ રમવાના પૈસા ?

ગોપ: અરે.. રમવાના શું? જોવાના યે આપવા પડે. આ કળિયુગ છે કળિયુગ..

કનૈયો: મારે આવા નખરા નથી જોવા.. ચાલ ભાગીએ અહીંથી.. આપણે તો જઇએ.. જમુનાજીને કાંઠડે.. જયાં એકવાર મેં કાળિનાગને નાથ્યો'તો ચાલ, ત્યાં જઇને નિરાંતે બેસીએ... ને જમુનાના નીરમાં ધૂબાકા મારીએ.

ગોપ: હાલ ઇ અભરખોયે પૂરો કરી લે. (બંને જાય છે.. દૂરથી આંગળી ચીંધી ઇશારાથી નદી બતાવે છે.)

ગોપ: જો.. ત્યાં... દેખાય છે તારી જમુના નદી... (અંદર તરફ નિશાની કરે છે.)

કનૈયો: મને તો નથી દેખાતી... ખળખળ કરતી અને બે કાંઠે વહેતી જમુનાનો ઘેરો ઘૂઘવાટ મને તો નથી સંભળાતો. ને આ... આ વાસ શેની આવે છે?

ગોપ: જમુનાજીના પાણીમાં રહેલી ગંદકીની.

કનૈયો: અરે જમુનાના નીર તો કેવા નિર્મળ.. કેવા સ્વચ્છ.. એના નીતર્યા પાણીમાં તો ચહેરો પણ દેખાય.

ગોપ: અરે વળી તું ભૂલી ગયો? કાના, આ સતજુગની જમુના નથી.. આ કળિયુગની છે. અત્યારે તો જમુના લો કે ગંગા... બધાયના પાણી આવા જ મેલા.

કનૈયો: નદીના પાણીને અને કળિયુગને વળી શું સંબંધ ?

ગોપ: અરે કાના. હવે તો નદીઓમાં કારખાનાઓનો કચરો યે ઠલવાય, અડધા બળેલા મૃતદેહો યે કોહવાય અને મળમૂત્ર કે ગંદકી નો તો પાર જ નહીં. પાણી નો રજવાડી ઠાઠ આજે નજરાઇ ગયો છે. આજે તો એને પ્રદૂષણનો એરૂ આભડી ગયો છે. કુદરતને વહાલ કરવાને બદલે માનવ કુદરતને નાથવાના ચક્કરમાં આજે પડયો છે. આજે તો પર્યાવરણને બચાવવાના અભિયાનો ચલાવવા પડે છે.

“પહેલાંતો એક ધારી વહેતી’તી ગંગા
અને નદીયોનો રજવાડી ઠાઠ,
ઓણસાલ નદીયું નજરાઇ ગઇ
ને પાણીમાં પડી મડાગાંઠ...”

કનૈયો: (કાને હાથે મૂકી દે છે.) નથી સાંભળવું.. મારે હવે કંઇ જ નથી સાંભળવું. ઓહ ! મને તો ચક્કર આવે છે. મારાથી તો આટલે દૂરથી પણ આ વાસ સહન નથી થતી. મને અહીંથી લઇ જા.. મારે જમુનાની નજીક નથી જવું. (વેદનાથી) મારી પ્રિય જમનાની આ સ્થિતિ મારાથી સહન નથી થતી. નથી થતી.

ગોપ: કયાં લઇ જાઉં ?

કનૈયો: એમ કર મને મારા કદંબ વનમાં લઇ જા. કદંબની નીચે થોડીવાર શાંતિથી બેસી મારી બંસી વગાડીશ. એટલે મને થોડી નિરાંત મળશે. (ખિસ્સામાંથી બંસરી કાઢે છે)

ગોપ: કદંબવન? અરે.. કદંબવનનો તો કયારનોયે કપાઇને નાશ થઇ ગયો. હવે તો રહ્યા છે માત્ર અવશેષો..

કનૈયો: કદંબવનનો નાશ? કોણે કાપ્યું? (દુ:ખી થઇ જાય છે)

ગોપ: કોણે એટલે? માણસ સિવાય કોણ હોય?

કનૈયો:  અરે પણ જંગલ કેમ કાપ્યું? ઝાડનો નાશ શા માટે ?

ગોપ:  લાકડા માટે... જરૂરિયાત માટે... (નિસાસો નાખીને) હવે તો જંગલો છે સિમેંટ અને કોંક્રીટના....

કનૈયો:  (રડવા જેવા અવાજે) મારા લીલાછમ જંગલો... ઝાડ..!

ગોપ:  (થોડા મોટા અવાજે ઉશ્કેરાટથી) માણસજાતે પોતાના થોડા સ્વાર્થ માટે કર્યો આડેધડ વિનાશ... નદીઓ નજરાઇ ગઇ, જંગલો નાશ પામ્યા. પાણીનો રજવાડી ઠાઠ ને ઝાડવાઓનો લીલોછમ વૈભવ. બધું યે ખોવાઇ ગયુ... કાના, ખોવાઇ ગયુ.. (રડી પડે છે)

કનૈયો:  ગોપા, આ બધું મને શા માટે બતાવ્યું ? શા માટે ? માણસજાત આટલી સ્વાર્થી બની ગઇ ? અરે પોતાનું ભલુ શેમાં છે એટલીયે ખબર નથી ?

ગોપ:  (દુ:ખથી) અરે, આજની માણસજાતને ખબર તો બધી યે છે. પણ પોતાના થોડા સ્વાર્થ આગળ લાંબુ વિચારવાનું તે ભૂલી ગયો છે. કુદરતીસંપત્તિ નો આડેધડ વિનાશ તેને ક્યાં લઇ જશે..એનો વિચાર કરવાની ફુરસદ ક્યાં છે કોઇને ?આજે માનવ પોતાની

આંધળી દોટમાં..પોતાના ક્ષણિક સ્વાર્થમાં દોડયે રાખે છે. કયાં..? એની કદાચ એને પણ ખબર નથી. એની મંઝિલ કઇ છે.. કયાં છે.. એનો વિચાર કરવાની એની પાસે ફુરસદ કયાં છે ? કનૈયા, કરી શકે તો કંઇક કર...

કનૈયો: આજે તો મને યે સમજાતુ નથી કે હું શું કરું ?

ગોપ: (આંગળી ચીંધી બતાવે છે) અને આ જોયુ ? આ છે માણસે કરેલી બેસુમાર ગંદકી...પ્લાસ્ટીકની થેલીઓ અને જાતજાતના ટીનના ડબલાઓ...તને તો એની સમજ સુધ્ધાં ન પડે.

કનૈયો: આનો ઉપાય ? કંઇક ઉપાય તો હશે ને?

ગોપ: (હસતા હસતા)ફરી એકવાર જનમ લઇ જો.......

કનૈયો: ના, હવે અત્યારે.. જનમ લેવાની હિંમત નથી. ગોપ, શું આનો કોઇ ઉપાય નથી?

ગોપ:   જનજાગૃતિ અને સ્વંયશિસ્ત એ એક માત્ર ઉપાય. એકલા કાયદા કરવાથી કે એકલી સરકારથી કંઇ ન થઇ શકે. આમ જનતા જાગે અને કુદરતને સમજે તો જ બધુ થાય.

કનૈયો:  પણ જાગૃતિ આવે કેમ ?

ગોપ:   સાચા ભણતરથી... સાચા શિક્ષણથી ને એ કામ પાયા થી થાય. બાળકો.. નવી પેઢી ભણે ને સમજે તો જ આ તારી નદીઓના પાણી ચોખ્ખા બને, વૃક્ષોનો નાશ અટકે ને વાતાવરણ ચોખ્ખું થાય.

કનૈયો:  ગોપ, હું એમાં શું મદદ કરી શકું?

ગોપ:   કાના, એ તો હવે તું જ વિચાર. “પરિત્રાણાય સાધૂનામ..” નું વચન તેં જ આપ્યુ છે ને? (અંદરથી એ શ્લોક આખો સંભળાય છે)

કનૈયો:  (અચાનક ઉભો થઇ બંસરીનો ઘા કરે છે )

ગોપ:   (આઘાત અને આશ્ચર્યથી) અરે કાના. આ શું? બંસી કેમ ફેંકી દીધી?

કનૈયોઃ  મને લાગે છે યુગેયુગે.. સમયની માંગ પ્રમાણે હું હવે બદલીશ યુગધર્મ... હવે વિશ્વમાં એક જ ધર્મ રહેશે... માનવધર્મ..! હવેનો યુગધર્મ બની રહેશે.. માનવધર્મ. માનવની સેવા એ જ મારી સેવા. દીન, હીન, દુ:ખી, અપંગ, લાચાર માનવોની સેવા..એ જ મારા સુધી પહોંચવાનો એક માત્ર ઉપાય હશે. અને જયાં સ્વચ્છતા નથી .. ત્યાં પ્રભુતા નથી ને આરોગ્ય કે માનસિક શાંતિ હોઇ જ ન શકે. આજથી બંસીની જગ્યા એ મારા હાથમાં રહેશે આ સાવરણી... સ્વચ્છતાનું પ્રતીક. જે બની રહેશે એકવીસમી સદીની મારી બંસી. (સાવરણી હાથ માં લઇ થોડુ વાળે છે.. સાફ કરે છે ને પછી હાથમાં બંસીની મુદ્રામાં સાવરણી રાખી.. પગ ક્રોસ કરી કૃષ્ણ ભગવાનની જેમ ઉભી જાય છે. ગોપ નમન કરી રહે છે.)

(પડદો પડે છે.)

# ડોક્ટર સેવકરામ સેવાવાળા.

પાત્રો:ડોકટર (30 થી 35 વરસની ઉંમર છે.)

મગન:પટાવાળો (25 વરસની આસપાસની ઉંમર)

દરદી

સ્થળ: ડોકટરનું દવાખાનું.

(પડદો ખૂલે છે ત્યારે ડોકટર ખુરશીમાં બેઠા બેઠા બગાસા ખાય છે. પછી ઝોલા ખાય છે, માથુ નમી પડે છે. વળી સરખા થાય, વળી નમે. કરતાં કરતાં ખુરશી પરથી ઉથલી પડે છે. નીચે પોતે અને ઉપર ખુરશી છે. રાડ પાડે છે.)

ડોકટર: ઓય મા...મગના, એલા મગના....ક્યાં મરી ગયો ?

મગન: ( દોડી ને આવે છે.) હજુ ક્યાં મર્યો છું ? હજી મેં કંઇ તમારી દવા લીધી નથી !

ડોકટર: પણ આમ ઉભો ઉભો જોવે છે શું ?

મગન: અરે જોતો નથી તમને શોધુ છું. હેં સાહેબ, તમે કયાંથી બોલો છો ? ઉપર તો નથી પહોંચી ગયાને ?તમે જ તમારી દવા નથી લીધીને ? મને કેમ દેખાતા યે નથી ?( (આજુબાજુ જુએ છે)

ડોકટર: એ ય.. અક્કલના ઓથમીર... આમ નીચે જો નીચે.

મગન: (પોતાની નીચે જુએ છે) મારી નીચે ? સાબ, મારી નીચે તો કંઇ નથી. પણ સાહેબ, આ તમે બોલો છો કયાંથી ?

ડોકટર: અરે મૂરખ,  તારી નીચે નહીં..આ ખુરશી નીચે..ખુરશી નીચે જો...

મગન: (બાજુમાં પડેલી ખુરશી નીચે જુએ છે.) હા, સાહેબ, આ ખુરશી નીચે તમારી સ્લીપર પડી છે. પણ સ્લીપરમાં તમે કે તમારા પગ કંઇ નથી.

ડોકટર: અરે બુધ્ધુ, એ ખુરશી નીચે નહીં.. મારી... મારી ખુરશી નીચે જો...

મગન: પણ સાહેબ, તમારી ખુરશી જ નથી દેખાતી. કયાંથી જોઉં

ડોકટર: અરે હું પડી ગયો છું નીચે..મારી ખુરશી યે પડી છે નીચે..મારી ઉપર

મગન: સાહેબ. ઉપર કે નીચે ? એટલે કે તમે ખુરશીની ઉપર છો કે ખુરશી તમારી ઉપર?

(નીચે વળી જુએ છે) ઓહ ! સાહેબ, આ તો તમે ખુરશી નીચે છો.. ને ખુરશી તમારી ઉપર. પણ હેં સાહેબ,  આમ ખુરશી નીચે કાં બેસી ગયા ? કોનાથી સંતાઇ ગયા ?

ડોકટર: અરે, કોઇથી સંતાઇ નથી ગયો મારા બાપ ! પડી ગયો છું પડી. હવે લપ કર્યા વિના મને જલ્દી મદદ કર ઉભો થવામા. ( મગન નીચો નમી ડોકટરને ખેંચે છે.)

ડોકટર: (રાડો પાડે છે) એ ય મૂરખ, પહેલાં ખુરશી તો ઉપાડ મારી પરથી.. એમ મૂરખની જેમ સીધો ખેંચે છે .!

મગન: ઓહ ! એટલે પહેલા ખુરશીને ઉભી કરું ને પછી તમને..બરાબર ને ?

ડોકટર: મ.. ગ.. નિ.. યા.. મરી ગયો.... જલ્દી કર ( રાડો નાખે છે )

મગન: (મગન અંતે ખુરશી ઉભી કરે છે ને ડોકટરનો હાથ ખેંચી એને પણ ઉભા કરે છે.

ડોકટર ઉંહકારા  કરતાં કરતાં ઉભા થાય છે.)

મગન: સાહેબ, આ ખુરશી વસ્તુ જ એવી છે ને કે ભલભલાને પાડી દે.

ડોકટર: એલા, આ કંઇ નેતાની ખુરશી નથી. સમજ્યો ? આ તો છે ડોકટર સેવકરામ સેવાવાળાની ખુરશી.

મગન: ડોકટર ખરા પણ દર્દી વિનાના ડોકટર......

ડોકટર: (ગુસ્સાથી) શું ? શું બોલ્યો ?

સાહેબ: એમાં ગુસ્સે શું થાવ છો ? જો કે દુનિયામાં આમે ય એવુ જ છે. સાચી વાતથી બધા ગુસ્સે થાય જ.. એમાં તમારો જરા યે વાંક નથી.. આ તો દુનિયાનો ક્રમ છે. પણ હેં સાબ, એક વાત પૂછું ? આ આપણે એક વરસથી દવાખાનુ નાખીને બેઠા છીએ પણ હજુ સુધી કોઇ ઘરાક એટલે કે કોઇ દર્દી આવ્યુ નથી. આ તમે ને હું બે ય નવરા ધૂપ. મને તો ઠીક તમે પગાર આપો છો. પણ....આ ..

ડોકટર: ચિંતા ન કર. દર્દી આવશે, જરૂર આવશે... એ સોનેરી દિવસ જરૂર આવશે.ને ત્યારે આ ડોકટર સેવકરામ સેવાવાળાની કદર થશે. દુનિયામાં એનું નામ સુવર્ણ અક્ષરે લખાશે. (ગાય છે) "વો સુબહ કભી તો આયેગી....."

મગન: (એક તરફ જઇને) હવાઇ કિલ્લા બાંધવા કંઇ ખોટા નથી. આપણને તો મફતમાં પગાર મળે છે ને ?

ડોકટર: શું બકબક કરે છે એકલો એકલો ? જા, બહાર જઇને બેસ. મારું મન કહે છે આજે જ મારા જીવનનો એ સોનેરી અવસર આવશે. અને હું દર્દી તપાસીશ અને ઓપરેશન કરી મારી જાતને ધન્ય બનાવીશ.

મગન: હવે તો હું યે એ તમારા ધન્ય દિવસની રાહ જોઇ જોઇને થાકયો.

ડોકટર: આ ડોકટર થવામાં.... એમ. બી. બી. એસ. થવામાં.. પૂરા બાર વરસો લગાડી દીધા તો શું એકાદ –બે વરસ દર્દીની રાહ નહીં જોઇ શકું ? આમે ય ધીરજના ફળ હમેશા મીઠા હોય છે. ગીતામાં પણ  કહ્યું છે ને કે ”કર્મ કરતો જા.. ફળની આશા ન રાખ. ”

મગન: હં... હવે ખબર પડી સાહેબને કોઇ એની બહેનપણી ગીતાએ કહ્યું લાગે છે રાહ જોવાનું હેં સાહેબ, સાચું કેજો હોં ! આ ગીતા કોણ છે ?

ડોકટર: અરે ઘોઘા, ગીતા એટલે ગીતાજી.. ભગવાન કૃષ્ણએ અર્જુનને આપેલ મહાન સંદેશ.! પણ.. હવે તારે બહાર જાવુ છે કે નહીં ?

મગન: આ ગયો સમજો.. સાહેબ, (જાય છે)

ડોકટર: અને જલ્દી દર્દી લઇને પાછો આવ. એ પરમ ક્ષણની હું અહીં પ્રતીક્ષા કરીશ.

મગન: (દોડતો દોડતો આવે છે.) ડોકટર   સાહેબ, સાહેબ......

ડોકટર: પણ છે શું ? આમ હાંફે છે કેમ ?

મગન: અરે સાહેબ, આજનો દિવસ તમારા જીવનના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.. સુવર્ણ અક્ષરે...

ડોકટર: શું કોઇ દર્દી આવે છે ?

મગન: કેવા સમજી ગયા ? અરે કોઇ નશીબનો બળિયો... ને અક્કલનો ઠળિયો... આવી રહ્યો છે. સાવધાન !

ડોકટર: અરે જા , જલ્દી લઇ આવ, કયાંક ભાગી ન જાય.

મગન: અરે, મારા હાથમાંથી છટકવું કંઇ સહેલુ છે ? (જાય છે)

ડોકટર: (ખુશખુશાલ થઇ ને આંટા મારે છે)

"આજ મારે આંગણે ઉગ્યો સોનાનો સૂરજ.."

(સ્ટેથેસ્કોપ ભરાવી અકક્ડ થઇ બેસે છે.. વળી રહેવાતુ નથી એટલે ઉભા  થાય છે. હાર જોયા કરે છે) "મુરગા મિલ ગયા હમેં, આજ મુરગા મિલ ગયા, મૌકા એક સુહાના મિલ ગયા, સુહાના મિલ ગયા...." (દર્દીને આવતો જોઇ એકદમ બીઝી હોવાનો દેખાવ કરી ફોનમાં ખોટે ખોટી વાતો કરે છે...દર્દી અંદર આવે છે તે સાંભળે તેમ) નહીં નહીં...આજે વિઝિટે નહીં આવી શકાય. આજે દર્દીઓનો એટલો ધસારો રહ્યો છે કે ...i am so tired....શું શું કહ્યું ? બીજા કોઇ ડોકટર નહીં ચાલે?મારે જ આવવું પડશે?ok.lets see....(મગન હસે છે)

દર્દી: ડોકટર સાહેબ બહું બીઝી છો ? બહાર જવાનું છે ? તો હું બીજે જાઉં ? (જવા જાય છે..ડોકટર તેનો હાથ પકડી અંદર ખેંચે છે)

ડોક્ટર: અરે, ના રે ના તમારા જેવા દર્દી મારે આંગણે કયાંથી ? તમારી પ્રતીક્ષામાંતો હું તડપતો રહ્યો છું.

દર્દી: શું? શું? કહ્યું?

ડોકટર: કંઇ નહીં... આ તો એમ જ.... હા, તો બોલો... આપને શું તકલીફ છે ?

દર્દી: મને છાતીમાં દુ:ખે છે. અહીં આ બાજુ (ડાબી તરફ બતાવે છે)

ડોકટર: મોં ખોલો જોઇએ.

દર્દી: પણ મને છાતીમાં દુ:ખે છે.

ડોકટર: ડોકટર હું છું કે તમે ?

દર્દી: (મોં ખોલે છે.)

ડોકટર: (તપાસવાનું નાટક કરે છે) ઓકે... લાવો તમારી પલ્સ જોઇ લઉં...
(કોણી આગળ જોરથી પકડે છે)

દર્દી: ડોકટર સાહેબ, આ શું કરો છો?

ડોકટર: નાડી તપાસુ છું. અવાજ નહીં

દર્દી: પણ આ રીતે ? અહીં ?

ડોકટર: આ મારી આગવી સ્ટાઇલ છે. આ નવી ટેકનીકની  તમને ખબર ન પડે. (આંખો બંધ કરી હાથ પકડી  ને ઉભે છે.... પછી દુ:ખી થયા હોય તેમ માથે હાથ દઇને બેસી જાય છે.)

દર્દી: ડોકટર સાહેબ, મને શું થયુ છે?

ડોકટર: તમને કેન્સર છે.

દર્દી: (ગભરાઇ ને) શું? મને મ..ને કેન્સર?

ડોકટર: હા, પણ તમે ચિંતા ન કરો. હું ઓપરેશન કરીને તમને જરૂર સાજા કરીશ.....

દર્દી: પણ મને તો થોડું છાતીમાં દુ:ખતુ હતું. ને તમે કંઇ ટેસ્ટ તો કરાવ્યા નથી. તમને કેમ ખબર પડી ?

ડોકટર: અરે, એ જ તો અમારી ખૂબી છે ને ? અમે કોણ ? ડોકટર સેવકરામ સેવાવાળા. નાડી જોઇને નિદાન કરી નાખીએ. ચાલો, હું  અત્યારે જ ઓપરેશન કરી નાખુ.

દર્દી: અત્યારે ? આમ ?

ડોકટર: બસ..બસ..બધી ચિંતા મારી ઉપર છોડી દો..(એક્બાજુ જઇને) આજે તો ઓપરેશનનો સુવર્ણ અવસર મને આપો.. પહેલો  દર્દી... પહેલું ઓપરેશન ... વાહ ભઇ વાહ...! પછી જેવા તેવા રોગનું ઓપરેશન શા માટે કરવું ? "મારવો તો મીર" બરાબર ને ? ( પ્રેક્ષકો સામે જોઇને પૂછે છે)

દર્દી: તમે કંઇ કહ્યુ સાહેબ ?

ડોકટર: ના, ના, કંઇ નહીં.. એય મગન,.... મગનિયા.... ક્યાં મરી ગયો ?

મગન: (દોડતો  આવે છે) આ રહ્યો સાબ, તમારી દવા ખાયા વિના મરું ક્યાંથી ?

ડોકટર: હવે મૂંગો રહે... આજે તો તું યે લઇ લે મહાન ડોકટરના આસીસ્ટંટ બનવાનો લહાવો.. તને યે પ્રમોશન. પટાવાળામાંથી સીધો મારા જેવા પ્રખ્યાત ડોકટર સેવકરામ સેવાવાળાનો આસીસ્ટંટ ચાલ, પહેલા આને  ઇંજેકશન આપીને બેભાન કરીએ.

(બંને બાંયો ચડાવે છે. દર્દી ઉઠવા જાય છે મગન અને ડોકટર તેને પકડીને સૂવાડી દે છે.)

ડોકટર: એય મગનિયા, બરાબર પકડજે હોં... છટકે નહીં. (પ્રેક્ષકો સામે જોઇ ને) અને હવે શરૂ થાય છે ....ડોકટર સેવકરામ સેવાવાળાની જિંદગીનું પહેલું અને ભવ્ય ઓપરેશન ! જે મહાન પ્રસંગના આપ સૌ ભાગ્યશાળી સાક્ષીઓ છો..

મગન: લો, સાહેબ, આ તમારા બધા સાધનોની પેટી... આજે તો એનો પણ ઉધ્ધાર ભલે થઇ જાય.(પેટી આપે છે)

ડોકટર: (માથુ ખંજવાળે છે) માળુ હારૂ કંઇ યાદ નથી આવતું.. શું કરવું ? આ કયાંક મરી જાય તો ? રે'વાદે સેવકરામ આ ઓપરેશનનું રે'વા દે. બીજું કંઇક વિચાર. (ત્યાં દર્દી પાછો ભાગવા જાય છે, મગન પકડી રાખે છે.)

મગન: સાહેબ, જે આવડતું હોય એ જલ્દી કરી નાખો. નહીતર આ છટકશે હોં......

દર્દી: સાહેબ, મારે ઓપરેશન નથી કરાવવું.

ડોકટર: ઓકે. ઓકે. ચાલો હું વગર ઓપરેશને પણ તમને સાજા કરી દઇશ. તમને પણ યાદ રહેવું જોઇએ કે તમે કેવા મહાન ડોકટર પાસે આવ્યા હતા.

દર્દી: લાગે છે કે એ તો રહી જ જાશે.

ડોકટર: યા, ગુડ રહેવું જ જોઇએ. જુઓ મને તમારા દુ:ખાવાનું સાચુ કારણ
અને નિવારણ બંને મળી ગયા. હવે હું છું ને તમારો દુખાવો છે. એય, મગન આમ ઉભો છે શું ?ચાલ, એનું મોં ખોલાવ ( મગન દર્દીને પરાણે મોં ખોલાવે છે. અને એમાં એક ચમચો ભરાવી દે છે જેથી દર્દી મોં બંધ ન કરી શકે. )

ડોકટર: સાણસી જેવું હથિયાર લઇ .. જોર કરી દર્દીના બે દાંત કાઢી નાખે છે. મગન દર્દીને પકડી ને ઉભો છે.)

ડોકટર: હાશ ! આખરે કંઇક તો કર્યું........ (દર્દી રાડો નાખે છે)

ડોકટર: શાંત થાવ...શાંત....

દર્દી: પણ...આ મારા દાંત કેમ પાડયા ?

ડોકટર: કેમ પાડયા ? એટલે મારે શું એની રીત બતાવવાની છે ? ચાલો તો બતાવી દઉં. મને વાંધો નથી. મગન.....

દર્દી: અરે, શું કામ પાડયા એમ પૂછુ છું.

ડોકટર: જુઓ... પેટનું ઓપરેશન કરવું સારું કે બે દાંત પાડવા ? તમે જ કહો...

દર્દી: દાંત પાડવા....

ડોકટર: તો પછી જે સારું છે એ જ કર્યું મેં. તો પછી આટલી રાડો શું પાડે છે ?

દર્દી: પણ.........

ડોકટર: નો પણ... તેં જ કહ્યું ને ? શું સારું છે એ ? તો ભલા માણસ મેં સારું કર્યું એમાંયે તકલીફ ? જા, હવે તારો છાતીનો દુ:ખાવો મટી જશે.

દર્દી: અરે, એ તો હું ભૂલી યે ગયો... આ દાંતની પીડામાં.....

ડોકટર: (ખુશ થઇને) અરે, ભૂલી નથી ગયો... એ મટી ગયો છે મટી... સસ્તેથી પત્યું... આ નવી ટેકનીક છે. શું સમજયો ? બે દાંત પડાવો અને છાતીનો દુ:ખાવો મટાડો..... (ત્યાં મગન દોડતો આવે છે.)

મગન: સાહેબ.... આજે આ શું છે ? સૂરજ કઇ બાજુએ ઉગ્યો છે ?

ડોકટર: કેમ ? શું છે ?

મગન: અરે આજે બીજો દર્દી આવે છે. એક દિવસ માં બે-બે દર્દી ! રેકોર્ડ કર્યો હોં તમે આજે.

ડોકટર: અમે કોણ? ડોકટર સેવકરામ સેવાવાળા. વાહ ! ( મોકો જોઇ પહેલો દર્દી ભાગે છે. ત્યાં બીજા દર્દી સાથે અથડાય છે. એટલે તેને પૂછે છે )

પહેલો દર્દી: તને શું થયું છે ?

બીજો દર્દી: થોડું છાતીમાં દુ:ખે છે.

પહેલો દર્દી: તારા દાંત સંભાળજે.....

બીજો દર્દી: દાંત ? કેમ ?

પહેલો દર્દી: અંદર જઇશ એટલે સમજાઇ જશે. તું આવ્યો, તો હું તો છૂટયો... (કહીને ભાગી જાય છે)

(બીજો દર્દી સ્તબ્ધ થઇને ઉભો રહી જાય છે. ત્યાં મગન અને ડોકટર તેનો હાથ પકડી અંદર ખેંચે છે )

(પડદો પડે છે.)

નીલમબેન દોશીનો બ્લોગ - http://paramujas.wordpress.com

તેમની નિયમિત પ્રકાશિત થતી કોલમ... સંદેશ (વાત એક નાની), સ્ત્રી (સંબંધસેતુ અને જીવનની ખાટી મીઠી..), જનસત્તા (ચપટી ઉજાસ)

તેમના પ્રકાશિત પુસ્તકો...

ગમતાનો ગુલાલ (બાળનાટય સંગ્રહ.. ગુજરાત સાહિત્ય અકાદમી એવોર્ડ પ્રાપ્ત)

જન્મદિવસની ઉજવણી (બાળનાટય સંગ્રહ, ગુર્જર પ્રકાશન અમદાવાદ)

અંતિમ પ્રકરણ (નવલિકા સંગ્રહ. ગુર્જર પ્રકાશન અમદાવાદ)

દીકરી મારી દોસ્ત.. (ગુજરાતી અને અંગ્રેજી - ગુર્જર પ્રકાશન, અમદાવાદ)

પાનેતર (લઘુકથા સંગ્રહ, ડીવાઇન પ્રકાશન, અમદાવાદ)

સાસુ વહુ.કોમ (ગુર્જર પ્રકાશન, અમદાવાદ)

દોસ્ત, મને માફ કરીશ ને ? (નવલકથા - ડીવાઇન પ્રકાશન, અમદાવાદ)

## અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ

# અક્ષરનાદ.કોમ

# ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

### અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ